સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 19

(02/05/21 to 08/05/21)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**02 MAY-2021**

- દિવસ મહિમા: 2 મે, આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ (International Astronomy Day) ..... 02
- વૈશ્વિક વન લક્ષ્ય રિપોર્ટ 2021 ..... 02
- વંદે ભારત મિશન અભિયાન ..... 03
- QUESTION ANSWERS ..... 05

**03 MAY-2021**

- દિવસ મહિમા : 03 મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day) ..... 06
- દાદાસાહેબ ફાળકે ઇન્ટરનેશનલ ફિલ્મ એવોર્ડ્ઝ 2021 ..... 06
- કોરોના વેરિએન્ટનું નામકરણ અને વર્ગીકરણ ..... 07
- QUESTION ANSWERS ..... 09

**04 MAY-2021**

- દિવસ મહિમા : 4 મે, (1) આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (2) વિશ્વ અસ્થમા દિવસ ..... 10
- શ્રી ટી. રબી શંકરને RBI ના ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્તિ કરવામાં આવી ..... 10
- ઓડિશાએ ગોપબંધુ સંબદિકા આરોગ્ય વીમા યોજના શરૂ કરી ..... 11
- એશિયન વિકાસ આઉટલુક-2021 : એશિયન વિકાસ બેંક (ADB) ..... 12
- QUESTION ANSWERS ..... 13

**05 MAY-2021**

- Parker Solar Probe : શુક્ર ગ્રહ તરફથી રેડિયો સંકેતો મળ્યા ..... 14
- સ્નૂકરમાં શ્રી માર્ક સેલ્બી ચોથી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યા ..... 15
- મેઘાલયમાં 100 મિલિયન વર્ષ જૂના સોરોપોડ્સ ડાયનાસોરના અસ્થિ મળી આવ ..... 16
- QUESTION ANSWERS ..... 17

**06 MAY-2021**

- દિવસ મહિમા : 6 મે આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ ..... 18
- ભારત અને બ્રિટન વચ્ચે વર્ચ્યુઅલ કોન્ફરન્સ યોજાય ..... 18
- હૈદરાબાદ નહેરૂ પ્રાણી સંગ્રાહલયમાં એશિયાઈ સિંહો COVID પોજેટીવ આવ્યા ..... 19
- સુપ્રીમ કોર્ટે મરાઠા અનામત પર પ્રતિબંધ લગાવ્યો ..... 20
- QUESTION ANSWERS ..... 21

**07 MAY-2021**

- દિવસ મહિમા : 7 મે, BRO સ્થાપના દિવસ ..... 22
- યુરોપિયન યુનિયન દ્વારા નોર્વે, કેનેડા અને અમેરિકાને PESCO સંરક્ષણ પહેલમાં ભાગીદારી માટે મંજૂરી આપી ..... 22
- ફક્ત કેન્દ્ર સરકાર જ સામાજિક અને આર્થિક રીતે પછાત સમુદાયોની ઓળખ કરી શકે છે : સુપ્રીમ કોર્ટ ..... 24
- QUESTION ANSWERS ..... 26

**08 MAY-2021**

- દિવસ મહિમા : 8 મે (1) વિશ્વ રેડક્રોસ દિવસ (2) વિશ્વ થેલેસીમિયા દિવસ (3) વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ ..... 27
- ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં નવા મુખ્યમંત્રીના શપથ ..... 28
- QUESTION ANSWERS ..... 31

**ONE LINER** ..... 33

**QUESTION OF THIS WEEK** ..... 36


INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા: 2 મે, આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ (International Astronomy Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષ માં બે વખત મનાવવામાં આવે છે.

- એક 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' 26 સપ્ટેમ્બર અને બીજો 2 મે ના દિવસે ઉજવવામાં આવે છે.
- આ દિવસ નિમિતે ખગોળશાસ્ત્રની સંસ્થાઓ, પ્લેનેટેરિયમ અને સંગ્રાહાલયો વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરે છે. તથા ખગોળશાસ્ત્રની દુનિયા વિશે જાગૃતિ ફેલાવે છે.
- વર્ષ 1973માં આ દિવસની પ્રથમવાર ઉજવણી કરવામાં આવી હતી.
- ઉત્તરી કેલિફોર્નિયાના ખગોળીય સંઘના તત્કાલીન અધ્યક્ષ દ્વારા આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.

નોંધ : (1) વર્ષ 2009ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.
(2) વર્ષ 2009માં ગેલીલિયોની શોધની 400મી વર્ષ ગાંઠ હતી.

## વૈશ્વિક વન લક્ષ્ય રિપોર્ટ 2021




તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બહાર પાડવામાં આવેલ 'વૈશ્વિક વન લક્ષ્ય રિપોર્ટ, 2021' (Global Forest Goals Report, 2021) મુજબ COVID-19 મહામારીએ જંગલોના સંચાલનમાં વિવિધ દેશો સામે આવનારા પડકારો વધારી દીધા છે.

- આ રિપોર્ટ સંયુક્ત રાષ્ટ્રના આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવે છે.
- આ રિપોર્ટમાં સંયુક્ત રાષ્ટ્રની 'વ્યૂહાત્મક યોજના વન, 2030' (United Nations Strategic Plan for Forest 2030)માં સમાવિષ્ટ ઉદ્દેશો અને લક્ષ્યોની પ્રગતિની સર્વગ્રાહી ઝાંખી પૂરી પાડે છે.
- નોંધનીય છે કે કોરોના મહામારીના કારણે વિશ્વ GDPમાં લગભગ 3.3% જેટલો ઘટાડો થયો હોવાનો અંદાજ છે.
- લગભગ 1.6 અબજ અથવા વૈશ્વિક વસતીના 25% લોકો તેમની જીવન જરૂરિયાત આવશ્યકતાઓ, આજીવિકા, રોજગાર અને આવક માટે જંગલો પર આધારિત છે.

### વન આશ્રિત વસતી પર COVID-19ની અસર

આર્થિક સંદર્ભમાં જોઈએ તો વન આધારિત વસતીની આવક ઓછી થઈ ગઈ છે.

- તેઓએ તેમની નોકરી પણ ગુમાવવી પડી છે અને મોસમી રોજગારમાં સંકોચનના પડકારોનો પણ સામનો કરવો પડે છે.
- સામાજિક રીતે તેમાંની ઘણી વસતી પહેલેથીજ સામાજિક–આર્થિક સુરક્ષાનો લાભ લેવામાં અસમર્થ છે.
- ઘણા વન આધારિત લોકો ખાસ કરીને દૂરસ્થ અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા લોકો આરોગ્ય સંભાળ સુધી પહોંચવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.
- મહામારીના કારણે આરોગ્ય અને સામાજિક–આર્થિક પરિણામો સાથે જંગલો પર દબાણ વધ્યું છે.

## વિશ્વ વનની સ્થિતિ

'કુલ વન વિસ્તાર : વૈશ્વિક વન સંસાધન મૂલ્યાંકન, 2020' (FRA,2020)ના રિપોર્ટ મુજબ વિશ્વનો કુલ વન વિસ્તાર 4.06 અબજ હેક્ટર છે. જે કુલ જમિનના 31% જેટલો છે.

- નોંધનીય છે કે આ વિસ્તાર વ્યક્તિ દિઠ 0.52 હેક્ટર જેટલો છે.
- વિશ્વના 54 ટકાથી વધુ જંગલો રશિયા, બ્રાઝિલ, કેનેડા, અમેરિકા અને ચીનમાં છે.

## ભારતમાં વનની સ્થિતિ

'ભારત વન સ્થિતિ રિપોર્ટ, 2019' અનુસાર કુલ વન અને વૃક્ષનો આવરો દેશના ભૈગલિક ક્ષેત્રનો 24.56% છે.

- ભારતમાં સૌથી વધુ વન વિસ્તાર ધરાવતા રાજ્યોમાં અનુક્રમે મધ્યપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.
- ભારતની 'રાષ્ટ્રીય વન નીતિ, 1988'એ દેશના 33% ભૌગોલિક વિસ્તારને વન અને વૃક્ષોના આવરણ હેઠળ રાખવાના લક્ષ્યની કલ્પના કરી છે.

# વંદે ભારત મિશન અભિયાન

COVID-19 મહામારીના પગલે મે, 2020માં લોકડાઉન જેવી પરિસ્થિતિને કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે 'વંદે ભારત મિશન' (Vande Bharat Mission) શરૂ કરવામાં આવ્યું હતું.

- આ અભિયાને વર્ષ 1990માં 'ખાડિ યુધ્ધ' દરમિયાન કુવૈતથી 1,77,000 લોકોને ભારત પાછા લાવવા માટેના અભિયાનને પણ પાછળ છોડી દીધું છે.
- વંદે ભારત મિશન વર્તમાનમાં તેના 10માં તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.
- આ મિશન હેઠળ અત્યાર સુધીમાં લગભગ 32 લાખ મુસાફરોને સુરક્ષિત ઘર સુધી પહોંચાડવામાં આવ્યા છે.
- રાષ્ટ્રીય વાહક એર ઈન્ડિયાએ તેની પેટા કંપની એર ઈન્ડિયા એક્સપ્રેસ સાથે મળીને આ મિશનને વિસ્તૃત રીતે ટેકો આપ્યો હતો.
- આ મિશન અંતર્ગત 93થી વધુ દેશોના વિદેશી ભારતીયોને પાછા ફરવાની સુવિધા મળી છે, જ્યારે સરકારે અત્યાર સુધીમાં 18 જુદા–જુદા દેશો સાથે હવાઈ મુસાફરીની વ્યવસ્થા કરી હતી. જેને 'ટ્રાન્સપોર્ટ બબલ્સ' તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અન્ય નાગરિક બચાવ અભિયાન

(1) ખાડી (ગલ્ફ) દેશોમાંથી સ્થળાંતર (1990-91) : વંદે ભારત મિશન પહેલા વર્ષ 1990માં ખાડી યુધ્ધ દરમિયાન કુવૈતથી ભારતીય નાગરિકોને પાછા લાવવા માટેનું અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન હતું.


- ખાડી યુધ્ધ દરમિયાન લગભગ 1,77,000 ભારતીયો ફસાયા હતા. તે સમયે એર ઈન્ડિયાએ બે મહિનામાં લગભગ 500 ઉડાન ભરી હતી.

(2) ઓપરેશન રાહત : વર્ષ 2015માં યમન સંકટ દરમિયાન ભારતીય સશસ્ત્ર દળ દ્વારા શરૂ કરવામાં આવેલ 'ઓપરેશન રાહત' હેઠળ યમનમાંથી 41 દેશોના 960 નાગરિકોની સાથે 4640 થી વધુ ભારતીય નાગરિકોને બહાર નિકાળવામાં આવ્યા હતા.

- આ અભિયાન હવાઈ અને દરિયાઈ માર્ગે કરવામાં આવ્યું હતું.

(3) ઓપરેશન મૈત્રી : વર્ષ 2015ના નેપાળ ભૂકંપમાં બચાવ અને રાહત કામગીરી તરીકે ભારત સરકાર અને ભારતીય સશસ્ત્ર દળો દ્વારા 'ઓપરેશન મૈત્રી' હાથ ધરવામાં આવ્યું હતું.

(4) ઓપરેશન સુકૂન : આ અભિયાન ભારતીય નૌસેના દ્વારા લેબનાન યુધ્ધ (2006) દરમિયાન ભારત, શ્રીલંકા અને નેપાળના નાગરિકોની સુરક્ષિત વાપસી માટે શરૂ કરવામાં આવ્યું હતું.



1. આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસની કયા દિવસે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 મે (B) 2 મે (C) 3 મે (D) 4 મે (B)

2. આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસની 2 મે ઉપરાંત બીજા અન્ય કયા દિવસે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 26 મે (B) 26 જૂન (C) 26 ઓગસ્ટ (D) 26 સપ્ટેમ્બર (D)

3. આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસની ઉજવણી સૌપ્રથમ કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1973 (B) 1974 (C) 1975 (D) 1976 (A)

4. તાજેતરમાં કોના દ્વારા 'વૈશ્વિક વન લક્ષ્ય રિપોર્ટ,2021' બહાર પાડવામાં આવ્યો છે ?

(A) સંયુક્ત રાષ્ટ્ર (B) રશિયા ફોરેસ્ટ વિભાગ

(C) ઈન્ડિયા ફોરેસ્ટ વિભાગ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

5. વૈશ્વિક વન લક્ષ્ય રિપોર્ટ, 2021ના સંદર્ભે નીચેનામાંથી કયું/કયા વિધાન સાચા છે ?

(A) આ રિપોર્ટ સંયુક્ત રાષ્ટ્રના આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવે છે.

(B) આ રિપોર્ટ અનુસાર COVID-19 મહામારીના કારણે જંગલોના સંચાલનમાં વિવિધ દેશો સામે પડકારો વધ્યા છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

6. વૈશ્વિક વન સંસાધન મૂલ્યાંકન, 2020ના રિપોર્ટ અનુસાર વિશ્વનો કુલ વન વિસ્તાર કેટલો છે ?

(A) 3.1 અબજ હેક્ટર (B) 4.06 અબજ હેક્ટર

(C) 2.1 અબજ હેક્ટર (D) 1.1 અબજ હેક્ટર (B)

7. ભારત વન સ્થિતિ રિપોર્ટ અનુસાર કુલ વન અને વૃક્ષને આવરો દેશના ભૌગલિક ક્ષેત્રના કેટલા ટકા છે ?

(A) 24.56% (B) 20.22% (C) 33.45% (D) 45.1% (A)

8. વિદેશમાંથી ભારતીય નાગરિકોને પાછા લાવવા માટેનું અત્યાર સુધીનું સૌથી મોટું મિશન કયું છે ?

(A) ગલ્ફ સ્થળાંતર (B) ઓપરેશન રાહત (C) ઓપરેશન મૈત્રી (D) વંદે ભારત મિશન (D)

## દિવસ મહિમા : 03 મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day)




યુનાઈટેડ નેશન્સ અને યુનેસ્કો દ્વારા દર વર્ષે 3 મે ના રોજ 'વિશ્વ પ્રેસ સ્વત્રતા દિવસ' અથવા તો 'પ્રેસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વામાં પ્રેસની જાગૃતિ ફેલાવવા માટે તથા પ્રેસની સ્વતંત્રતાના ઉલ્લંઘનની ગંભીરતાને ઉજાગર કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- યુનેસ્કોની જનરલ કોન્ફરન્સની ભલામણ બાદ ડિસેમ્બર, 1993માં સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1994થી દર વર્ષે 3 મે ના રોજ આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2021ના 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ની થીમ 'Information as a Public Good' છે.

નોંધ : (1) 'રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડસ' દ્વારા તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા 'World Press Freedom Index-2021' માં વિશ્વના 180 દેશોમાં ભારત 142માં ક્રમે છે.

(2) આ અગાઉ વર્ષ 2020ના આ ઈન્ડેકસમાં પણ ભારત 142માં ક્રમે હતું.

## દાદાસાહેબ ફાળકે ઇન્ટરનેશનલ ફિલ્મ એવોર્ડ્ઝ 2021

તાજેતરમાં દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ 2021ની જાહેરાત કરવામાં આવી છે. આ એવોર્ડ વિજેતા વ્યક્તિઓની યાદી નીચે મુજબ છે.

### દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ- 2021




(1) બેસ્ટ એક્ટર (મેલ) : અક્ષય કુમાર, લક્ષ્મી ફિલ્મ માટે

(2) બેસ્ટ એક્ટર (ફિમેલ) : સુશ્રી દીપિકા પાદુકોણ, છપાક ફિલ્મ માટે

(3) ક્રિટિક્સ બેસ્ટ એક્ટર : શ્રી સુશાંત સિંહ રાજપૂત (મરણોપરાંત)

(4) ક્રિટિક્સ બેસ્ટ એક્ટ્રેસ : સુશ્રી કિએરા અડવાણી, ગિલ્ટી ફિલ્મ માટે

(5) બેસ્ટ ફિલ્મ : તાનાજી : ધ અનસંગ વોરિયર

(6) બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ : પેરેસાઈટ

(7) મોસ્ટ વર્સેટાઈલ એક્ટર : શ્રી કે.કે. મેનન

(8) બેસ્ટ ડિરેક્ટર : શ્રી અનુરાગ બાસુ, લુડો ફિલ્મ માટે

(9) બેસ્ટ એક્ટર ઈન સપોર્ટિંગ રોલ : શ્રી વિક્રાંત મેસ્સી, છપાક ફિલ્મ માટે

(10) બેસ્ટ એક્ટ્રેસ ઈન સપોર્ટિંગ રોલ : સુશ્રી રાધિકા મેનન

(11) બેસ્ટ એક્ટર (વેબ સીરિઝ) : શ્રી બોબી દેઓલ, આશ્રમ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(12) બેસ્ટ એક્ટ્રેસ (વેબ સીરિઝ) : સુશ્રી સુસ્મિતા સેન, આર્યા

(13) બેસ્ટ વેબ સીરિઝ : સ્કેમ-1992

(14) આલ્બમ ઓફ ધ યર : તિતલિયાં

(15) બેસ્ટ ટેલિવિઝન સીરિઝ : કુંડલી ભાગ્ય

(16) પરફોર્મર ઓફ ધી યર : સુશ્રી નોરા ફતેહી

(17) આઉટસ્ટેન્ડિંગ કન્ટ્રિબ્યૂશન ટુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી : શ્રી ધર્મેન્દ્ર

(18) આઉટસ્ટેન્ડિંગ કન્ટ્રિબ્યૂશન ટુ લિટરેચર ઈન ઈન્ડિયન સિનેમા : શ્રી ચેતન ભગત

## દાદા સાહેબ ફાળકે એવોર્ડ

દાદા સાહેબ ફાળકે પુરસ્કાર ભારતીય સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર છે.

- કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સ્થાપિત એક સંસ્થા ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા દર વર્ષે ફિલ્મ એવોર્ડ સમારોહમાં તે રજૂ કરવામાં આવે છે.
- ભારતીય સિનેમાના વિકાસમાં આજીવન ઉત્કૃષ્ટ યોગદાન બદલ આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત એક સ્વર્ણ કલમ (ગોલ્ડન લોટ્સ) મેડલ, શાલ અને 10 લાખ રૂપિયા રોકડ પુરસ્કાર સ્વરૂપે વિજેતા વ્યક્તિને આપવામાં આવે છે.
- આ એવોર્ડની શરૂઆત વર્ષ 1969માં કરવામાં આવી હતી.

નોંધ : (1) સૌપ્રથમ વખત દાદા સાહેબ ફાળકે પુરસ્કાર વર્ષ 1969માં સુશ્રી દેવીકા રાનીને આપવામાં આવ્યો હતો.
(2) શ્રી દાદા સાહેબ ફાળકે 'ફાધર ઓફ ઈન્ડિયન સિનેમા' તરીકે સુપ્રસિધ્ધ છે.

## કોરોના વેરિએન્ટનું નામકરણ અને વર્ગીકરણ

તાજેતરમાં ભારતના આરોગ્ય મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે દેશના 18 અલગ–અલગ રાજ્યોમાં કોરોના વાઈરસના સંખ્યાબંધ અન્ય સ્ટ્રેન અથવા વેરિએન્ટ ઓફ કન્સર્ન (Variants of Concern-VOCs) ઉપરાંત એક નવો ડબલ મ્યુન્ટ વેરિએન્ટની ઓળખ થઈ છે.

- વાઈરસના વેરિએન્ટમાં એક અથવા વધુ પરિવર્તનો હોય છે. જે તેને અન્ય પ્રચલિત વેરિએન્ટથી અલગ પાડે છે.
- મોટા ભાગના પરિવર્તનો વાઈરસ માટે હાનિકારક સાબિત થાય છે. જ્યારે કેટલાક પરિવર્તનો વાઈરસ માટે ફાયદાકારક છે.
- SARS- CoV-2 (કોરોના) વાઈરસ ઝડપથી વિકસિત થઈ રહ્યો છે. જેના કારણે તે વૈશ્વિક સ્તરે લોકોને સંક્રમિત કરી રહ્યો છે.
- ઉચ્ચ સ્તરનું પરિભ્રમણ અથવા વાઈરસનો ફેલાવો એનો અર્થ એ છે કે વાઈરસમાં પરિવર્તનનો સરળ અને ઝડપી દર છે. જેના કારણે તે તેની સંખ્યા બમણી કરવાની ક્ષમતા ધરાવે છે.
- મૂળ મહામારી વાઈરસ (ફાઉન્ડર વેરિઅન્ટ) WU.HU.1 હતો. જેને 'વુહાન વાઈરસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- થોડા મહિના પહેલા તેનું D614G વેરિઅન્ટ પરિવર્તન સામે આવ્યું હતું જે વૈશ્વિક સ્તરે પ્રચરિત થયું હતું.

## વર્ગીકરણ

અમેરિકન સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) દ્વારા વેરિઅન્ટ (પ્રકાર)ને ત્રણ વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. જે નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

(1) વેરિઅન્ટ ઓફ ઈન્ટરેસ્ટ (VOI) : આ એક વિશિષ્ટ 'જેનેટિક માર્કરા (Genetic Markers) વેરિઅન્ટ' છે. જે 'રિસેપ્ટર બાઈડિંગ'માં પરિવર્તન કરવા અગાઉના સંક્રમણ અથવા રસીકરણ દરમિયાન ઉત્પન્ન થયેલ એન્ટીબોડીઝના પ્રભાવને ઘટાડે છે. તથા આ વેરિઅન્ટ સંભવિત ઉપચાર ઘટાડવો, સંક્રમણને પ્રસરિત કરવું તથા રોગની તીવ્રતામાં વધારો કરવા સાથે સંબંધિત છે.

- VOIનું એક ઉદાહરણ વાઈરસનું B.1.617 વેરિઅન્ટ છે. જેમાં બે પરિવર્તન છે, જેને E484Q તથા L452R તરીકે ઓળખવામાં આવે છે.
- WHO દ્વારા આ પ્રકારને 'વેરિઅન્ટ ઓફ ઈન્ટરેસ્ટ' (VOI)ના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવ્યો હતો.

(2) વેરિઅન્ટ ઓફ કન્સર્ન (VOC) : આ પ્રકારનો વાઈરસ સંક્રમણમાં વધારો, ગંભીર બીમારી રસિકરણ, દરમિયાન ઉત્પન્ન થયેલ એન્ટિબોડીઝમાં નોંધપાત્ર ઘટાડો થવો વગેરે સાથે સંબંધિત છે.

- B.1.1.7 (યુ.કે વેરિઅન્ટ), B.1.351 (દક્ષિણ આફ્રિકા વેરિઅન્ટ), P-1 (બ્રાઝિલ વેરિઅન્ટ) અને અમેરિકામાં મળી આવેલ B.1.429 વેરિઅન્ટને VOCના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

(3) વેરિઅન્ટ અંડર ઈન્વેસ્ટિગેશન (VUI) : 'સાર્વજનિક સ્વાસ્થ્ય ઈંગ્લેન્ડ' (PHE)ના જણાવ્યા અનુસાર SARS-COV-2ના પ્રકારોમાં મહામારી, રોગપ્રતિકારક અથવા પેથોજેનિક ગુણધર્મો જોવા મળે છે. તો તેની ઓપચારિક તપાસ થઈ શકે છે.

- આ કાર્ય માટે B.1.617 વેરિઅન્ટને VUI તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કોરોના વાયરસના નામકરણ વિશે

કોરોના વાયરસને જ્યારે માઈક્રોસ્કોપ હેઠળ જોવામાં આવે ત્યારે તે સૌર–કોરોના જેવો દેખાય છે. આથી તેનું નામ અસ્થાયીરૂપે કોરોના વાયરસ નામ રાખવામાં આવ્યું હતું.

- 11 ફેબ્રુઆરી, 2020ના રોજ WHO દ્વારા કોરોના વાયરસનું નવું નામ 'COVID-19' રાખવામાં આવ્યું હતું.
- વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના જણાવ્યા અનુસાર COVID-19માં.......
  – 'CO' એ કોરોનાનો સંદર્ભ આપે છે.
  – 'VO' એ વાયરસનું સૂચન કરે છે.
  – 'D' એ રોગનું સૂચન કરે છે.
  – તથા સંખ્યા '19' એ આ રોગના શોધનું સૂચિત વર્ષ છે.
- WHO દ્વારા નવા રોગનું નામકરણ કરવામાં આવે છે. જેથી સમાન નામોના રોગોનો દુરુપયોગ થતો અટકાવી શકાય છે.

1. 'પ્રેસ દિવસ' અથવા તો 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા' દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 મે (B) 3 મે (C) 4 મે (D) 5 મે **(B)**

2. વર્ષ 2021ની 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ની થીમ શું હતી ?

(A) Journalism Without Fear or Interfere

(B) Freedom of Information

(C) The Media as Drivers of Change

(D) Information as a Public Good **(D)**

3. કયા વર્ષથી દર વર્ષે 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1994 (B) 1995 (C) 1996 (D) 1997 **(A)**

4. 'રિપોર્ટસ વિધાઉટ બોર્ડસ' દ્વારા પ્રસિધ્ધ થયેલા 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા ઈન્ડેક્સ,2021'માં ભારત કેટલામાં ક્રમે છે ?

(A) 141 (B) 140 (C) 142 (D) 144 **(B)**

5. દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડમાં બેસ્ટ એક્ટર તરીકેનો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) સલમાન ખાન (B) અક્ષય કુમાર (C) સોનુ સુદ (D) શાહિદ કપુર **(B)**

6. દાદા સાહેબ ફાળકે એવોર્ડ, 2021માં કોને 'બેસ્ટ એક્ટ્રેસ'નો એવોર્ડ મળ્યો છે ?

(A) દિપીકા પાદુકોણ (B) કિયારા અડવાણી (C) આલિયા ભટ્ટ (D) અનુષ્કા શર્મા **(A)**

7. દાદા સાહેબ ફાળકે એવોર્ડ, 2021 એવોર્ડમાં કઈ ફિલ્મને 'બેસ્ટ ફિલ્મ'નો એવોર્ડ મળ્યો છે ?

(A) પેરેસાઈટ (B) આસુર (C) તાનાજી (D) આર્યા **(C)**

8. કઈ સંસ્થા દ્વારા કોરોનાના વેરિએન્ટ (પ્રકાર)ને ત્રણ વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે ?

(A) ADC (B) CDC (C) KDC (D) MDC **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 4 મે, (1) આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ
## (2) વિશ્વ અસ્થમા દિવસ

### વિશ્વ અસ્થમા દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે 'વિશ્વ અસ્થામા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2021માં 4 મે ના રોજ 'વિશ્વ અસ્થામા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં અસ્થમાની બિમારી વિશે જાગૃતિ લાવવાનો છે.
- સૌપ્રથમ વર્ષ 1998માં સ્પેન, બાર્સેલોના સહિત વિશ્વના આશરે 35 દેશોમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- 'ગ્લોબલ ઈનેશિયેટિવ ફોર અસ્થમા' દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ના વિશ્વ અસ્થમાં દિવસની થીમ 'Uncovering Asthama Misconceptions' છે.

નોંધ : અસ્થમાને ગુજરાતીમાં દમ, હાફ કે શ્વાસના રોગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## શ્રી ટી. રબી શંકરને RBI ના ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્તિ કરવામાં આવી




ભારત સરકારે તાજેતરમાં શ્રી ટી. રબી શંકર (T. Rabi Shankar)ને ભારતના ચોથા ડેપ્યુટી ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

- શ્રી ટી.રબી શંકર ડેપ્યુટી ગવર્નર તરીકે શ્રી એસ.પી. કાનૂનગોનું સ્થાન લેશે. જે 2 એપ્રિલના રોજ નિવૃત થયા હતા.
- શ્રી ટી.રબી શંકરનો ડેપ્યુટી ગવર્નર તરીકે 3 વર્ષનો કાર્યકાળ રહેશે.
- RBIમાં શ્રી ટી.રબી શંકર ઉપરાંત ત્રણ અન્ય ડેપ્યુટી ગવર્નર છે.
- જેમાં, શ્રી માઈકલ પાત્રા, શ્રી મહેશકુમાર જૈન અને શ્રી એમ.રાજેશ્વર રાવનો સમાવેશ થાય છે.

### શ્રી ટી.રબી શંકર

શ્રી ટી. રબી શંકર ભારતીય રિજર્વ બેંકમાં ફિનટેક, પેમેન્ટ સિસ્ટમ, રિસ્ક મેનેજમેન્ટ અને ઈન્ફર્મેશન ટેકનોલોજીના પ્રભારી છે.

- તેમણે અર્થશાસ્ત્રની ડિગ્રીમાં એમ.ફીલ કરેલું છે.
- તેમને બાંગ્લાદેશની સેન્ટ્રલ બેન્ક અને બાંગ્લાદેશ સરકારના આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડળ સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તેમણે વર્ષ 2008 થી 2014ની વચ્ચે નાણાં મંત્રાલય સાથે પણ કામ કર્યુ હતું.
- તેઓ સપ્ટેમ્બર 1990માં રિઝર્વ બેન્કમાં સંશોધન અધિકારી તરીકે જોડાયા હતા.

### માળખું

ભારતીય રિઝર્વ બેંકનું સંચાલન સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા થાય છે.

- આ નિયામકોની નિમણૂક ભારત સરકાર દ્વારા 'રિઝર્વ બેંક અધિનિયમ' હેઠળ કરવામાં આવે છે.
- કેન્દ્રીય બોર્ડમાં ગવર્નર, ચાર ડેપ્યુટી ગવર્નર, નાણાં મંત્રાલયના બે પ્રતિનિધિઓ અને ચાર સ્થાનિક બોર્ડના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.
- આ સ્થાનિક બોર્ડનું મુખ્ય મથક કલોકતા, મુંબઈ, ચેન્નઈ અને નવી દિલ્હીમાં સ્થિત છે.

### નાણાકીય નીતિ સમિતિ

નાણાકીય નીતિ સમિતિ (Monetary Policy Committee)ની રચના ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવી હતી. જેની અધ્યક્ષતા RBIના ગવર્નર કરે છે.

- આ સમિતિ સામાન્ય રીતે વર્ષમાં છ વખત બેઠક કરે છે.
- સમિતિમાં છ સભ્યો હોય છે. આ છ સભ્યોમાંથી ભારત સરકાર ત્રણ વ્યક્તિઓની નિમણૂક કરે છે.
- નાણાકીય નીતિ સમિતિમાં કોઈપણ સરકારી અધિકારીની નિમણૂક કરવામાં આવતી નથી.

## ઓડિશાએ ગોપબંધુ સંબદિકા આરોગ્ય વીમા યોજના શરૂ કરી

ઓડિશાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકે તાજેતરમાં ઓડિશા રાજ્યના કાર્યરત પત્રકારોને ફ્રન્ટલાઈનના COVID-19 યોધ્ધા જાહેર કર્યા છે.

- ગોપબંધુ સંબદિકા આરોગ્ય યોજના હેઠળ આ જાહેરાત કરવામાં આવી હતી.
- આ સાથે રાજ્યમાં 6,500થી વધુ પત્રકારોને લાભ મળશે.

### ગોપબંધુ સંબદિકા આરોગ્ય વીમા યોજના

'ગોપબંધુ સંબદિકા આરોગ્ય વીમા યોજના' (Gopandhu Sambadika Swasthya Bima Yojna) ઓડિશા સરકારે પત્રકારો માટે શરૂ કરેલી આરોગ્ય વીમા યોજના છે.

- આ યોજના રાજ્યના તમામ કાર્યકારી પત્રકારોને 2 લાખ રૂપિયાનું આરોગ્ય વીમા કવચ પ્રદાન કરે છે.
- આ યોજના વર્ષ 2018માં શરૂ કરવામાં આવી હતી.
- આ યોજનામાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કેશલેસ સારવારનો પણ સમાવેશ થાય છે.
- આ ઉપરાંત પત્રકારો તેમની ફરજ નિભાવતી વખતે થયેલ બીમારીઓ અને ઈજાઓને પણ આવરી લે છે.

### ગોપાલબંધુ દાસ

આ યોજનાનું નામ ગોપાલબંધુ દાસના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- તે ઓડિશામાં લોકપ્રિય સુધારક, સામાજિક કાર્યકર્તા, પત્રકાર, રાજકીય કાર્યકર, નિબંધકાર અને કવિ હતા.
- તેમનો જન્મ 9 ઓક્ટોબર, 1877ના રોજ ઓડિશાના પુરી ખાતે થયો હતો.
- શ્રી ગોપાલબંધુ દાસને 'ઉત્કલ મણિ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.
- શ્રી ગોપાલ બંધુ દાસે ઉત્કલના વિવિધ ક્ષેત્રોને આયોજન કરીને ઓડિશા રાજ્યનું નિર્માણ કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત ઉત્કલના દૈનિક પેપર 'સમાજ'ના સ્થાપક પણ હતા.
- તેમણે 'સત્યવાદી' નામે એક સામયિક પણ શરૂ કર્યુ હતું.

## એશિયન વિકાસ આઉટલુક-2021 : એશિયન વિકાસ બેંક (ADB)

એશિયન વિકાસ આઉટલુક (એશિયન ડેવલપમેન્ટ આઉટલુક–ADO) 2021ના રિપોર્ટ અનુસાર COVID-19ની બીજી લહેર ભારતના આર્થિક સુધારણાને જોખમમાં મુકી શકે છે.

- એશિયન વિકાસ આઉટલુકએ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)ના વિકાસશિલ સભ્યો દેશો માટે પ્રકાશિત આર્થિક રિપોર્ટની એક શ્રેણી છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં જાહેર રોકાણ, રસીકરણ અને ઘરેલું માંગને કારણે આર્થિક પુનઃપ્રાપ્તી ચાલુ રહેશે. તથા નાણાકીય વર્ષ 2021-22માં ભારતનો GDP 11 ટકા રહેવાનો અંદાજ છે.
- નાણાકીય વર્ષ 2022-23માં ભારતનો આર્થિક વિકાસ દર આશરે 7% ની આસપાસ રહેવાનો અંદાજ છે.
- આ રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2021-22માં એશિયાનો આર્થિક વિકાસ દર 7.3%ની આસપાસ રહેશે.
- ADBની યાદીમાં વિકાસશીલ એશિયામાં ભૌગલિક જૂથના આધારે 46 સભ્યો છે.
- જેમાં ઔદ્યોગિક અર્થવ્યવસ્થાઓ અને મધ્ય એશિયા, પૂર્વ એશિયા, દક્ષિણ પૂર્વ એશિયા અને પ્રશાંત ક્ષેત્રના દેશોનો સમાવેશ થાય છે.
- ભારત આ વિકાસશીલ એશિયાનો સભ્ય પણ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### GDP

GDPનું પૂરું નામ 'Gross Domestic Production' છે.

- GDPએ દેશની સમગ્ર આર્થિક ગતિ વિધિનું એક વ્યાપક માપ છે. તે દેશમાં વસ્તુઓ અને સેવાઓના વાર્ષિક ઉત્પાદનનો કુલ સરવાળો છે.
- GDP = ખાનગી વપરાશ + કુલ રોકાણ + સરકારી રોકાણ + સરકારી ખર્ચ + (નિકાસ–આયાત)

### ADB

ADBનું પૂરું નામ 'Asian Development Bank' છે.

- એશિયન ડેવલપમેન્ટ બેન્ક એ એક પ્રાદેશિક વિકાસ બેંક છે.
- એશિયાઈ દેશોના આર્થિક વિકાસમાં સહાયતા કરવાના ઉદ્દેશથી 19 ડિસેમ્બર, 1966 ના રોજ આ બેંકની સ્થાપના કરવામાં આવી હતી.
- 1 મે, 2021ની સ્થિતિએ આ બેંકમાં હાલ 68 સભ્ય દેશ છે.
- તેનું વડું મથક ફિલિપિન્સના મનિલામાં અથવા તો ફિલિપિન્સના મેટ્રો મનિલા પ્રદેશના મનડાલ્યુયોન્ગ નામના શહેરના 'Origas Center' માં આવેલું છે.

# TUESDAY Questions

1. સમગ્ર વિશ્વામાં દર વર્ષે કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ' તરીકેની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 3 મે (B) 4 મે (C) 5 મે (D) 6 મે (B)

2. દર વર્ષે 'વિશ્વ અસ્થમા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 4 મે (B) 5 મે (C) 6 મે (D) ત્રણમાંથી કોઈ નહીં (D)

3. 'વિશ્વ અસ્થમા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) મે માસનો પ્રથમ શનિવાર (B) મે માસનો પ્રથમ રવિવાર

(C) મે માસનો પ્રથમ સોમવાર (D) મે માસનો પ્રથમ મંગળવાર (D)

4. વર્ષ 2021ની 'વિશ્વ અસ્થમા દિવસ'ની થીમ શું છે ?

(A) Stop for Asthama (B) Uncovering Asthama Misconeptions

(C) Enough Asthama Deaths (D) Global Initiative for Asthama (B)

5. તાજેતરમાં RBIના ડેપ્યુટી ગવર્નર તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?

(A) શ્રી ટી.વી સોમનાથન (B) શ્રી એન.વી સોમનાથન

(C) શ્રી ટી.રબી શંકર (D) શ્રી એન.વી રવી શંકર (C)

6. તાજેતરમાં કયા રાજ્યએ 'ગોપબંધુ સંબદિકા આરોગ્ય વીમા યોજના' શરૂ કરી છે ?

(A) ઓડિશા (B) તમિલનાડુ (C) કેરળ (D) આંધ્રપ્રદેશ (A)

7. શ્રી ગોપાલ બંધુ દાસ કયા રાજ્યના પત્રકાર, નિબંધકાર અને કવિ હતા ?

(A) ઓડિશા (B) આસામ (C) કેરળ (D) તમિલનાડુ (A)

8. 'એશિયન વિકાસ આઉટલુક–2021' રિપોર્ટ અનુસાર ભારતનો GDP કેટલો રહેવાનો અંદાજ છે ?

(A) 8% (B) 9% (C) 10% (D) 11% (D)

9. 'એશિયન વિકાસ આઉટલુક–2021' સંદર્ભે નિચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ ADBના વિકાસશીલ સભ્યો દેશો માટે પ્રકાશિત આર્થિક રિપોર્ટની એક શ્રેણી છે.

2. આ રિપોર્ટ અનુસાર ભારતનો GDP નાણાકીય વર્ષ 2021-22માં 11% રહેવાનો અંદાજ છે.

3. આ રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2021-22માં એશિયાનો આર્થિક વિકાસ દર 7.3 ટકાની આસપાસ રહેવાનો અંદાજ છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 05 MAY, 2021 WEDNESDAY

## Parker Solar Probe : શુક્ર ગ્રહ તરફથી રેડિયો સંકેતો મળ્યા

નાસાના અવકાશયાન પાર્કર સોલાર પ્રોબે શુક્ર ગ્રહમાંથી એક કુદરતી રેડિયો સિગ્નલ શોધી કાઢ્યું છે.

- શુક્રના ઉપરના વાતાવરણમાં સોલાર પ્રોબની ઉડાન દરમિયાન આ સંકેતો મળી આવ્યા હતા.
- પાર્કર સોલાર પ્રોબે શુક્રનું વાતાવરણ માપ્યું છે. શુક્ર ગ્રહના વાતાવરણનું 30 વર્ષમાં આ સીધુ માપન છે.
- પાર્કર સોલાર પ્રોબના તારણો અનુસાર, પૃથ્વીની જેમ શુક્રમાં પણ ઉપલા વાતાવરણમાં ગેસનો વિદ્યુત ચાર્જ પણ હોય છે. જેને આયનોસ્ફિયર કહેવામાં આવે છે.
- આ સ્તરના ચાર્જ કણોમાંથી રેડિયો સિગ્નલ મળ્યું હતું.
- આ ઉપરાંત સ્પેસ પ્રોબે પૃષ્ટિ આપી છે કે ઉપરી શુક્ર વાતાવરણ એક સૌર ચક્રમાંથી પસાર થાય છે.

### પાર્કર સોલાર પ્રોબ

12 ઓગસ્ટ, 2018ના રોજ અમેરિકાની આવકાશ સંશોધન સંસ્થા નાસા દ્વારા સૂર્યના અભ્યાસ માટે ઐતિહાસિક 'પાર્કર સોલાર પ્રોબ' લોન્ચ કરવામાં આવ્યું હતું.

- એક કારના આકારનું આ અંતરિક્ષયાન સૂર્યની સપાટીથી આશરે 38.5 લાખ માઈલ દૂરથી પસાર થયું હતું.
- અગાઉ કોઈપણ અવકાશયાને સૂર્યની આટલી નજીકથી પસાર થઈને તેની ગરમી કે પ્રકાશનો સામનો કર્યો નથી.
- સૂર્યની નજીક જઈ 1,377 ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન સહન કરવાની આ યાનની ક્ષમતા છે.
- આ અગાઉ હેલિયસ-2 નામનું અવકાશયાન ઈ.સ. 1976માં સૂર્યની સપાટીથી આશરે 4 કરોડ 30 કિલોમીટર દૂરથી પસાર થયું હતું.
- પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું સરેરાશ અંતર 9 કરોડ 30 લાખ માઈલ છે.
- નાસાને આ મિશન પાછળ 1.5 અબજ ડોલરનો ખર્ચ થશે.
- આ મિશનના સંશોધનોથી બ્રહ્માંડના હવામાનની આગાહી કરવામાં સરળતા થશે.
- આ પાર્કર સોલાર પ્રોબના સ્પેસ ક્રાફ્ટ પર શ્રી યુજીન પાર્કરના 'ચાલો આપણે આગળ જોઈએ શું શું છે' શબ્દો લખાયેલા છે. આ ઉપરાંત તેમના 1958ના વૈજ્ઞાનિક કાગળની નકલ પણ છે.

### NASA

નાસા એ અમેરિકન સરકારની અંતરિક્ષ સંસ્થા છે. તે અમેરિકાના જાહેર અંતરિક્ષ કાર્યક્રમોનું સંચાલન કરે છે.

- NASA નું પુરું નામ 'National Aeronautics and Space Administration' છે.
- નાસાની સ્થાપના રાષ્ટ્રીય એરોનોટિકસ અને અંતરિક્ષ અધિનિયમ હેઠળ 29 જુલાઈ, 1958ના રોજ થઈ હતી.
- નાસાનું હેડક્વાર્ટર Two Independence Squre અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નાસાની સ્થાપના અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડવાઈટડી. ઈસેનહોવર દ્વારા કરવામાં આવી હતી.
- નાસાનો મુદ્રાલેખ "For the Benefit of all" છે.
- તેની વેબસાઈટનું નામ www.nasa.gov છે.

નોંધ : (1) પાર્કર સોલાર પ્રોબ પ્રોજેક્ટની જાહેરાત અમેરિકાના નાણાકીય વર્ષ 2009માં કરવામાં આવી હતી.

(2) અમેરિકાની જ્હોન્સ હોપકિન્સ યુનિવર્સિટીની એપ્લાઈડ ફિઝિકલ લેબોરેટરી દ્વારા આ અવકાશયાનની ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્નૂકરમાં શ્રી માર્ક સેલ્બી ચોથી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યા

ઈંગ્લેન્ડના જાણીતા પ્રોફેશનલ સ્નૂકર ખેલાડી શ્રી માર્ક સેલ્બીએ ચોથી વખત વર્લ્ડ સ્નૂકર ચેમ્પિયન જીતી છે.

- આ ચેમ્પિયનશિપમાં તેમણે શોન મર્ફીને હરાવીને ટાઈટલ જીત્યું છે.

### માર્ક સેલ્બી

- શ્રી માર્ક સેલ્બીનો જન્મ 19 જૂન, 1983ના રોજ ઈંગ્લેન્ડના લીસેસ્ટર ખાતે થયો હતો.
- શ્રી માર્ક સેલ્બી ઈંગ્લેન્ડના પ્રસિધ્ધ સ્નૂકર ખેલાડી છે.
- તેમણે 2014, 2016, 2017 અને 2021ની વિશ્વ સ્નૂકર ચેમ્પિયાશિપ જીતી હતી.
- વર્ષ 2015 થી 2019ની વચ્ચે તે સ્નૂકરમાં વિશ્વમાં પ્રથમ ક્રમાંકે હતા.
- તેઓ 'લીસેસ્ટર થી જેસ્ટર'ના ઉપનામથી પણ ઓળખાય છે.

### વિશ્વ સ્નૂકર ચેમ્પિયનશિપ

વર્ષ 1927 થી દર વર્ષે વિશ્વ સ્નૂકર ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવે છે.

- તે ઈંગ્લેન્ડના શેફિલ્ડના ક્રુસિબલ થિયેટર ખાતે રમાય છે.
- વર્લ્ડ પ્રોફેશનલ બિલિયર્ડ્સ અને સ્નૂકર એશોસિએશન આ ચેમ્પિયનશિપનું આયોજન કરે છે.
- વર્ષ 1927 માં પ્રથમ 'વિશ્વ સ્નૂકર ચેમ્પિયનશિપ' શ્રી જો ડોવિસે જીતી હતી.

### સ્નૂકર

સ્નૂકરની શરૂઆત 19મી સદીના અંતમાં થઈ હતી.

- સ્નૂકર એ ક્યૂ ગેમ છે. ક્યૂ સ્પોર્ટને બિલિયર્ડ સ્પોર્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે ક્યૂ સ્ટિક (લાકડી) વડે રમવામાં અવતી રમત છે.
- તે 4 પોકેટ (ખાના) અથવા 6 પોકેટ (ખાના) સાથેના ટેબલ પર રમવામાં આવે છે.
- જે સ્નૂકર બોલ અને ક્યૂનો ઉપયોગ કરી રમવામાં આવે છે.

# મેઘાલયમાં 100 મિલિયન વર્ષ જૂના સોરોપોડ્સ ડાયનાસોરના અસ્થિ મળી આવ્યા

ભારતના **'Geological Survey of India'** ના સંશોધનકારોને તાજેતરમાં સોરોપોડ્સ ડાયનાસોરના અસ્થિના ટુકડાઓ મળી આવ્યા છે.

- આ અસ્થિના ટુકડાઓ **100 મિલિયન** વર્ષ જુના હતા.
- આ ડાયનાસોરના અસ્થિ (હાડકાં) મેઘાલયમાં પશ્ચિમ ખાસી પહાડી (**West Khasi Hills**) માંથી મળી આવ્યા હતા.
- આ ક્ષેત્રમાં સોરોપોડ્સની શોધની આ પ્રથમ ઘટના છે.

## સોરોપોડ્સ (Sauropods)

સોરોપોડ્સને લાંબુ ગળુ, ટૂંકુ માથુ, લાંબી પૂંછડી અને સ્તંભ જેવા 4 પગ હતા.


- સોરોપોડ્સના પુરાવા મળી આવનાર મેઘાલય ભારતનું પાચમું રાજ્ય બન્યું છે.
- આ પહેલા ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાંથી આવા પુરાવા મળી આવ્યા છે.
- પ્રથમ ડાયનાસોરના અસ્થિ જબલપુર છાવણીના બારા સિમલા પહાડીમાંથી મળી આવ્યા હતા.

## ભારતમાં ડાયનાસોર

ભારતમાં ડાયનાસોર ટ્રાઈસિક સમયગાળાના અંતથી ક્રેટીસીયસ સમયગાળા સુધી અસ્તિત્વમાં હતા.

- રાજા સૌરસ ડાયનાસોર (**Raja Saurus Dinosaur**) નો જન્મ ભારતમાં થયો હતો.
- ભારતમાં જોવા મળતા ડાયનાસોરમાંથી બારપાસૌરસ (**Barapasaurus**) સૌથી મોટો હતો.
- આ ડાયનાસોર 4 મિટર ઉંચો અને 24 મિટર લાંબો હતો.
- સૌથી ખતરનાક ડાયનાસોર 'ટાયરનોસોરસ રેક્સ' (**Tyrannosaurus Rex**) હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં 'પાર્કર સોલાર પ્રોબ'ને કયા ગ્રહ તરફથી રેડિયો સંકેત માળ્યો છે ?

(A) મંગળ (B) શુક્ર (C) ગુરૂ (D) બુધ **(B)**

2. પાર્કર સોલાર પ્રોબે કયા ગ્રહના ઉપારી વાતાવરણનું માપન કર્યુ છે ?

(A) શુક્ર (B) મંગળ (C) ગુરૂ (D) બુધ **(A)**

3. પાર્કર સોલાર પ્રોબ કયા દેશનું અંતરિક્ષયાન છે ?

(A) રશિયા (B) ચીન (C) જાપાન (D) અમેરિકા **(D)**

4. નાસાએ પાર્કર સોલાર પ્રોબ મિશન ક્યારે લોન્ચ કર્યુ હતું ?

(A) 12 ઓગસ્ટ, 2015 (B) 12 ઓગસ્ટ, 2018 (C) 12 ઓગસ્ટ, 2019 (D) 12 ઓગસ્ટ, 2020 **(B)**

5. 'પાર્કર સોલાર પ્રોબ' સંદર્ભે કયા વિધાન સાચા છે ?

(A) નાસા દ્વારા સૂર્યના અભ્યાસ માટે લોન્ચ કરવામાં આવ્યું હતું.

(B) આ અવકાશયાન સૂર્યની સપાટીથી આશરે 38.5 લાખ માઈલ દૂરથી પસાર થયું હતું.

(C) પાર્કર સોલાર પ્રોબ મિશનના સંશોધનથી બ્રહ્માંડના હવામાનની આગાહી કરવામાં સરળતા રહેશે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

6. તાજેતરમાં કઈ ખેલાડી 'વિશ્વ સ્નૂકર ચેમ્પિયનશિપ'માં વિજેતા બન્યા છે ?

(A) શ્રી માર્ક સેલ્બી (B) શ્રી જો ડોવીસ

(C) શ્રી પંકજ અડવાણી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

7. શ્રી માર્ક સેલ્બી કયા દેશના સ્નૂકર ખેલાડી છે ?

(A) ચીન (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) જાપાન **(C)**

8. તાજેતરમાં કયા રાજ્યમાંથી 100 મિલિયન વર્ષ જૂના સોરોપોડ્સ ડાયનાસોરના અસ્થિ મળી આવ્યા છે ?

(A) ત્રીપુરા (B) મેઘાલય (C) આસામ (D) ઓડિશા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 6 મે આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 6 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય નો ડાયટ દિવસ' (International No Diet Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વજન ઘટાડવા અને ડાયેટિંગના જોખમથી વાકેફ થવા અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે.
- આ દિવસને 'ચિટ ડે'ના રૂપથી પણ મનાવવામાં આવે છે.
- 'આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ'ની ઉજવણી સૌપ્રથમ વર્ષ 1992માં બ્રિટનમાં કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીની શરૂઆત બ્રિટિશ મહિલા મેરી ઈવાન્સ દ્વારા કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનું પ્રતિક વાદળી રિબન છે.

## ભારત અને બ્રિટન વચ્ચે વર્ચ્યુઅલ કોન્ફરન્સ યોજાય

તાજેતરમાં ભારતના વડાપ્રધાન અને બ્રિટનના વડાપ્રધાન વચ્ચે વર્ચ્યુઅલ કોન્ફરન્સ યોજાય હતી.

- ભારતે બ્રિટનનો COVID-19ની બીજી ગંભીર લહેરમાં તબીબી સહાય માટે આભાર માન્યો હતો.
- આ કોન્ફરન્સ દરમિયાન બંને પ્રધાનમંત્રીઓએ મહત્વકાંક્ષી 'રોડમેપ 2030' (Roadmap 2030) અપનાવ્યું હતું. જે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધારવામાં મદદ કરશે.
- આ ઉપરાંત બંને નેતાઓએ ઉન્નત વેપાર ભાગીદારી (Enhanced Trade Partnership) શરૂ કરી છે. જે 1.4 અબજ રોકાણના સોદા દ્વારા લાગુ કરવામાં આવશે.

### રોડમેપ-2030

રોડમેપ-2030 બંને દેશના દ્વિપક્ષીય સંબંધોને 'વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી' સુધી વિસ્તૃત કરશે.

- આ અંતર્ગત ભારત અને બ્રિટન, ભારતના સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ માર્ક–2ના વિકાસ માટે કામ કરવા સંમત થયા હતા.
- આ ઉપરાંત COP-26 માં મહત્વાકાંક્ષી પરિણામોની ખાતરી કરવા માટે તેઓ સાથે મળીને કામ કરશે.
- આ રોડમેપ અંતગર્ત ભારત અને બ્રિટન સ્વાસ્થ્ય ભાગીદારીને વિસ્તૃત કરશે. જેમાં રસીઓ, સપ્લાય ચેન અને અન્ય તબીબી ઉત્પાદનોનો સમાવેશ થાય છે.
- બંને દેશના પ્રધાનમંત્રીઓ બંને દેશ વચ્ચેના વેપાર અવરોધોને દૂર કરવા અને મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો શરૂ કરવા માટે સંમત થયા હતા.
- તેઓ દરિયાઈ ડોમેન જાગૃતિ માટેના નવા સહયોગ પર સંમત થયા હતા. આમાં દરિયાઈ માહિતી વહેંચણી પર એક નવો કરાર, ગુડગાંવમાં ભારતના ઈન્ફોર્મેશન ફ્યુઝન સેન્ટરમાં જોડાવવાના આમંત્રણનો પણ સમાવેશ થાય છે.
- બંને પ્રધાનમંત્રીઓએ ભારતના લડાકુ વિમાનની જરૂરિયાત પર 'સરકાર–થી–સરકાર' સહકાર બનાવવા માટે સંમતિ આપી હતી.
- આ ઉપરાંત સંયુક્ત સુરક્ષા પરિષદ, G20, UNFCCC, WTO, IMF, વર્લ્ડ બેંક વગેરેમાં સહયોગ મજબૂત કરવા સંમત થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત 'યુકે–ઈન્ડિયા યંગ એન્ટરપ્રિન્યોરશિપ ફોરમ'નો પ્રારંભ થશે.
- India-UK Together (SAATH-SAATH)નો અમલ કરવામાં આવશે. જે એક સયુંક્ત સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ છે.

## ભારત અને બ્રિટન વચ્ચેનો દ્વિપક્ષીય સૈન્ય અભ્યાસ

ભારત અને બ્રિટન વચ્ચે સમયાંતરે ઘણી વખત થલસેના, નૌકાદળ અને વાયુસેના વચ્ચે લશ્કરી કવાયત અથવા યુધ્ધ અભ્યાસ યોજાય છે જે નીચે મુજબ છે.

| ક્રમ | યુધ્ધ અભ્યાસનું નામ | દળ |
|---|---|---|
| 1 | ઈન્દ્રધનુષ | વાયુસેના |
| 2 | કોંકણ | નૌસેના |
| 3 | અજેય વારિયર | થલસેના |

## હૈદરાબાદ નહેરૂ પ્રાણી સંગ્રાહલયમાં એશિયાઇ સિંહો COVID પોજેટીવ આવ્યા

હૈદરાબાદ નહેરૂ પ્રાણી સંગ્રાહલય (Hydrabad Nehru Zoological Park)માં 8 એશિયાઈ સિંહો COVID-19 પોજેટીવ આવ્યા છે.

- ભારતમાં પ્રાણીઓમાં COVID-19નું સંક્રમણ પ્રથમવાર જોવા મળ્યું છે.
- આ પહેલા અમેરિકાના ન્યૂયોર્કના બ્રોન્કસ ઝૂ માં એક વાઘ COVID-19થી સંક્રમણ હોવાનું સામે આવ્યું હતું.

### એશિયાઈ સિંહ

એશિયાઈ સિંહએ બિલાડી વંશનું સૌથી ઊંચુ અને આફ્રિકન સિંહ પછીનું સૌથી મોટુ પ્રાણી છે.

- એશિયન સિંહો ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ ગીર અભ્યારણમાં જોવા મળે છે.
- એશિયાઈ સિંહ ભારતમાં જોવા મળતી પાંચ 'મોટી બિલાડી' (Pantherine Cats)ઓ માંથી એક છે.
- વર્ષ 2020માં વન વિભાગના જાહેર કરાયા પ્રમાણે ગિરના જંગલ વિસ્તારમાં સિંહની કુલ વસતી 674 છે.
- એશિયન સિંહોના સરક્ષણ માટે વર્ષ 1972માં 'ગીર સિંહ પરિયોજના' શરૂ કરવામાં આવી હતી.

### નહેરૂ પ્રાણી ઉદ્યાન

આ ઉદ્યાન ભારતનું સૌથી મોટું પ્રાણી સંગ્રાહલય છે. તથા હૈદરાબાદના ટોચના દર્શનીય સ્થળોમાનું એક છે.

- તેલંગાણા સરકારના વન વિભાગ દ્વારા સંચાલિત આ પ્રાણી સંગ્રાહલયનું નામ દેશના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ સંગ્રાહાલય વર્ષ 1963માં લોકો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.
- ઐતિહાસિક રીતે મહત્વપર્ણ 'મીર આલમ ટેન્ક'ની નજીક આ સંગ્રાહલય સ્થિત છે. આ ટેન્ક 200 વર્ષ જૂની છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટે મરાઠા અનામત પર પ્રતિબંધ લગાવ્યો

તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટ મહારાષ્ટ્રમાં મરાઠા અનામત અંગે પ્રતિબંધ લગાવ્યો છે. કારણકે તે અનામતની 50%ની મર્યાદાથી વધુ છે.

- સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના અનામત કાયદાને ગેરબંધારણીય જાહેર કર્યો હતો.
- આ કાયદામાં મરાઠા સમુદાયને રોજગાર અને જાહેર શિક્ષણમાં તેમના ક્વોટા માટે અનામત બાંયધરી આપી હતી.
- મરાઠા અનામત અંગેના આંદોલનની શરૂઆત વર્ષ 2016માં થઈ હતી. ત્યારબાદ વર્ષ 2017માં અનામત માટે મોટા પાયે મૌન રેલીઓ પણ યોજવામાં આવી હતી.
- મરાઠા અનામત અંગેનું આંદોલન વર્ષ 2018માં હિંસક બન્યું હતું. ઘણાએ આત્મહત્યા પણ કરી હતી.
- આ આંદોલનનું સુત્ર હતું 'એક મરાઠા લાખ મરાઠા'.

### એમ.જી ગાયકવાડ આયોગ

વર્ષ 2018માં મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ફડણવીસે નિવૃત ન્યાયાધીશ એમ.જી ગાયકવાડની અધ્યક્ષતામાં 11 સભ્યોના આયોગની રચના કરી હતી.


- આ આયોગ ભલામણ કરી હતી કે મરાઠાઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ની જેમ અનામત આપવું જોઈએ.
- આ આયોગે અનામત ક્વોટાની ટકાવરી સ્પસ્ટ કરી ન હતી.

### મરાઠા અનામત અંગેનો અધિનિયમ

29 નવેમ્બર 2018ના રોજ મહારાષ્ટ્ર વિધાનસભામાં મરાઠાઓને મહારાષ્ટ્રમાં નોકરી અને શિક્ષણમાં 16 ટકા અનામત આપવા માટેના અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો.

- આ અધિનિયમમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર મહારાષ્ટ્રમાં મરાઠાઓને 16% અનામત આપવાનું નક્કી થયું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## THURSDAY Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 6 મે (B) 7 મે (C) 8 મે (D) 9 મે **(A)**

2. 'આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ દિવસને 'ચિટ ડે'ના રૂપથી પણ મનાવવામાં આવે છે.

(B) આ દિવસની ઉજવણી વર્ષ 1992માં સૌપ્રથમ કરવામાં આવી હતી.

(C) આ દિવસની ઉજવણીની શરૂઆત સુશ્રી મેરી ઈવાન્સ દ્વારા કરવામાં આવી હતી.

(D) ઉપરોક્ત તમામ **(D)**

3. 'રોડ મેપ 2030' કયા બે દેશ વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી છે ?

(A) ભારત–જાપાન (B) ભારત–બ્રિટન (C) ભારત–રશિયા (D) ભારત–અમેરિકા **(B)**

4. 'રોડ મેપ–2030' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રોડ મેપ 2030 અંતર્ગત ભારત અને બ્રિટન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને 'વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી' સુધી વિસ્તૃત કરશે.

2. આ અંતર્ગત ભારત–બ્રિટન, ભારતના સ્વદેશી લાઈટ કોમ્બેટ એર ક્રાફ્ટ માર્ક–2ના વિકાસ માટે કામ કરવા સંમત થયા હતા.

3. આ રોડ મેપ અંતર્ગત 'યુકે–ઈન્ડિયા યંગ એન્ટરપ્રિન્યોરશિપ ફોરમ'નો પ્રારંભ થશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં નહેરૂ પ્રાણી સંગ્રાહલયમાં સિંહો COVID-19થી સંક્રમિત થયા હતા. આ સંગ્રહાલય કયા સ્થળે આવેલ છે ?

(A) હૈદરાબાદ (B) ચેન્નાઈ (C) કોલકાતા (D) બેંગલુરૂ **(A)**

6. સુપ્રીમ કોર્ટ તાજેતરમાં કયા રાજ્યના 'મરાઠા અનામત' અંગે પ્રતિબંધ લગાવ્યો છે ?

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) કર્ણાટક (D) રાજસ્થાન **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 7 મે, BRO સ્થાપના દિવસ

7 મે, 2021ના રોજ સીમા સડક સંગઠન (Border Roads Organisation-BRO) દ્વારા તેમના 61 માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

- BRO ની સ્થાપના 7 મે, 1960ના રોજ કરવામાં આવી હતી.
- BROનો મુખ્ય ઉદ્દેશ ભારતની સરહદોને સુરક્ષિત કારવા અને ભારતના ઉત્તર અને ઉત્તર પૂર્વી રાજ્યોના દૂરસ્થ વિસ્તારોમાં માળખાગત સુવિધા વિકસાવવાનો છે.
- તે ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળ માર્ગ નિર્માણ માટેની એક મોટી એજન્સી છે.
- તેની પ્રાથમિક ભૂમિકા ભારતના સરહદી વિસ્તારોમાં માર્ગ કનેક્ટિવિટી પ્રદાન કરવાની છે.
- આ ઉપરાંત બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા ભૂટાન, મ્યાનમાર, અફઘાનિસ્તાન વગેરે જેવા મૈત્રીપૂર્ણ દેશોમાં પણ માર્ગ રસ્તા બનાવવામાં આવ્યા છે.

## યુરોપિયન યુનિયન દ્વારા નોર્વે, કેનેડા અને અમેરિકાને PESCO સંરક્ષણ પહેલમાં ભાગીદારી માટે મંજૂરી આપી

યુરોપિયન યુનિયન દ્વારા તાજેતરમાં નોર્વે, કેનેડા અને અમેરિકાને PESCO સંરક્ષણ પહેલમાં ભાગ લેવાની વિનંતને મંજૂરી આપી છે.

- આવુ પ્રથમવાર છે કે યુરોપિયન બ્લોકે ત્રીજા દેશને પેસ્કો પ્રોજેક્ટમાં ભાગ લેવાની મંજૂરી આપી હોય.
- હવે આ દેશો યુરોપના Military Mobility Projectમાં ભાગ લેશે.

### PESCO એટલે શું

PESCOનું પૂરું નામ 'Permanet Structured Co-operation' છે.

- PESCO યુરોપિયન યુનિયનની સુરક્ષા અને સંરક્ષણ નીતિનો એક ભાગ છે.
- તે વર્ષ 2009માં 'લિસ્બન સંધિ' દ્વારા શરૂ કરવામાં આવેલ યુરોપિયન યુનિયન સંધિના આધારે રજૂ કરવામાં આવી હતી.
- PESCOના લગભગ ચાર–પાંચ સભ્યો NATO (North Atlantic Treaty Organisation)ના સભ્યો પણ છે.

INSTITUTE FOR COMPETITIVE

## અમેરિકા અને PESCO

અમેરિકાએ અનેક વખત PESCO સામે ચિંતા વ્યકત કરી છે. કારણ કે યુરોપમાં અમેરિકા તેમનો પ્રભાવ ગુમાવવાનો ભય રાખે છે.

- અમેરિકા દર વર્ષે યુરોપિયન યુનિયનના દેશોમાં 1 અબજ યુરો શસ્ત્રોનું વેચાણ કરે છે.

નોંધ : (1) નવેમ્બર 2020માં યુરોપિયન યુનિયન બિન–યુરોપિયન સભ્યોને PESCOમાં ભાગ લેવા મંજૂરી આપી હતી. ત્યારબાદ કેનેડા, અમેરિકા અને નોર્વેએ તેમાં ભાગ લેવા વિનંતી કરી હતી.

(2) PESCO માં યુરોપિયન યુનિયનના ચાર દેશો પોતાને તટસ્થ જાહેર કરે છે. જેમાં ઓસ્ટ્રેલિયા, આયર્લેન્ડ, ફિનલેન્ડ અને સ્વીડનનો સમાવેશ થાય છે.

## 'સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા 2021 : વન યર ઓફ કોવિડ-19' રિપોર્ટ

તાજેતરમાં અઝીમ પ્રેમજી યુનિવર્સિટી–સેન્ટર ફોર સસ્ટેનેબલ એમ્પ્લોયમેન્ટ (બેંગ્લોર) દ્વારા 'સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા 2021 : વન યર ઓફ કોવિડ–19' શિષર્ક હેઠળ એક રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં માર્ચ 2020થી ડિસેમ્બર 2020ના સમયગાળાને આવરી લેવામાં આવ્યો છે.
- આ રિપોર્ટમા એક વર્ષના સમયગાળામાં રોજગાર, આવક, અસમાનતા અને ગરીબી પર COVID-19ની અસરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રોજગાર પર અસર

આ રિપોર્ટ અનુસાર 2020ના એપ્રિલથી લાગુ થયેલા લોકડાઉન દરમિયાન લગભગ 100 મિલિયન લોકો એ નોકરી ગુમાવી દીધી હતી.

- જોકે, આમાંના મોટા ભાગના લોકો જૂન 2020 સુધી રોજગાર મેળવતા હતા. તેમ છતાં લગભગ 15 મિલિયન લોકો કામથી વંચિત રહ્યા હતા.

### આવક પર અસર

સરેરાશ ચાર સભ્યોવાળા કુટુંબો માટે જાન્યુઆરી 2020માં માથાદીઠ માસિક આવક (રૂ.5,989)ની તુલનામાં ઓક્ટોબર 2020માં માથાદીઠ માસિક આવક (રૂ.4,979) ઘટી છે.

- આ મહામારી દરમિયાન કામદારોની માસિક આવક સરેરાશ 17% જેટલી ઓછી થઈ હતી.
- જેમાં સ્વ રોજગારી અને અનૌપચારિક પગારદાર કામદારોને સૌથી વધુ આવકનું નુકસાન વેઠવું પડયું હતું.

### આર્થિક પ્રભાવની પ્રતિક્રિયાશીલ પ્રકૃતિ

એપ્રિલ અને મે 2020માં સૌથી ગરીબ 20% ઘરોમાં કોઈપણ પ્રકારની આવક થઈ નથી.

- બીજી તરફ, દેશોમાં ટોચના 10% ઘરોને લોકડાઉન દરમિયાન ઓછામાં ઓછું નુકસાન થયું હતું. અને લોકડાઉન દરમિયાન ફેબ્રુઆરીની આવકનો ફક્ત 20% ભાગ જ ગુમાવ્યો હતો.

### મહિલાઓ પર પ્રતિકુળ અસરો

લોકડાઉન દરમિયાન અને તે પછી 61 ટકા કામદાર પુરુષો રોજગાર મેળવે છે. જ્યારે 7 ટકા લોકો એ રોજગાર ગુમાવ્યો અથવા કામ પર પાછા ફર્યા નથી.

- પરંતુ મહિલાઓની દષ્ટિએ લોકડાઉન દરમિયાન માત્ર 19 ટકા મહિલાઓજ રોજગારી મેળવતી હતી. અને 47 ટકાને કાયમી નોકરીની ખોટનો સામનો કરવો પડયો હતો.

### ગરીબી દરમાં વધારો

નોકરી ગુમાવ્યા અને આવકના નુકસાનને કારણે ગરીબી વધી છે.

- પરિવારોને તેમના આહારનો વપરાશ ઘટાડીને, સંપત્તિનું વેચાણ કરીને અને મિત્રો, સંબંધીઓ અને પૈસા આપનારાઓ પાસેથી લોન લઈને આવકના નુકસાનનો સામનો કરવો પડયો હતો.

## ફક્ત કેન્દ્ર સરકાર જ સામાજિક અને આર્થિક રીતે પછાત સમુદાયોની ઓળખ કરી શકે છે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટ તાજેતરમાં કહ્યું હતું કે સામાજિક અને આર્થિક પછાત સમુદાય (Socially and Economically Backward Community)ની ઘોષણા કરવામાં માત્ર રાષ્ટ્રપતિ જ નિર્ણય લઈ શકે છે.

- 102માં બંધારણીય સુધારા મુજબ આ ચુકાદો આપવામાં આવ્યો છે.
- સુપ્રીમ કોર્ટ કહ્યું કે 102માં બંધારણીય સુધારામાં સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોને નામાંકિત કરવાની રાજ્ય સરકારની શક્તિ છીનવી લેવામાં આવી છે.
- નોંધનીય છે કે રાજ્ય સરકારો સમુદાયોને ક્વોટાનો લાભ આપવા માટે સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોની સૂચિ વિસ્તૃત કરી રહી છે.

### 102મો બંધારણીય સુધારો

102માં બંધારણીય સુધારા અધિનિયમ, 2018 હેઠળ અનુચ્છેદ 338 B અને અનુચ્છેદ 342 A ઉમેરવામાં આવ્યો હતો.

- અનુચ્છેદ-338(B) પછાત વર્ગો માટે રાષ્ટ્રીય કમિશનની સ્થાપના સાથે સંબંધિત છે.
- અનુચ્છેદ-342(A) રાષ્ટ્રપતિને રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક પછાત સમુદાયોને સૂચિત કરવાની શક્તિ આપે છે.
- આ અધિનિયમ મુજબ જો પછાત વર્ગોની સૂચિમાં સુધારો કરવો હોય તો આ માટે સંસદ દ્વારા ઘડવામાં આવેલ કાયદાની જરૂર પડશે.


## બંધારણીય જોગવાઈ

<u>અનુચ્છેદ 366</u> અને <u>અનુચ્છેદ 342</u> મુજબ ફક્ત રાષ્ટ્રપતિ જ સામાજિક અને આર્થિક રીતે પછાત સમુદાયની ઓળખ કરશે.

## વર્તમાનમાં ભારતમાં અનામતની સ્થિતિ

| ક્રમ | વર્ગ | કેટલા ટકા અનામત મળે છે |
|---|---|---|
| 1 | SC (અનુસૂચિત જાતિ) | 10% |
| 2 | ST (અનુસૂચિત જનજાતિ) | 7.5% |
| 3 | OBC (અન્ય પછાત વર્ગ) | 27% |

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં 'સીમા સડક સંગઠન' (BRO)એ તેમના કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરી છે ?

(A) 60 મા (B) 61 મા (C) 62 મા (D) 63 મા **(B)**

2. BROની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

(A) 7 મે, 1960 (B) 7 મે, 1961 (C) 7 મે, 1962 (D) 7 મે, 1964 **(A)**

3. યુરોપિયન યુનિયન દ્વારા તાજેતરમાં કયા દેશોને PESCO સંરક્ષણ પહેલમાં ભાગીદારી માટે મંજૂરી આપી છે ?

(A) અમેરિકા, કેનેડા, જાપાન (B) અમેરિકા, નોર્વે, યુ.એ.ઈ

(C) અમેરિકા, નોર્વે, કેનેડા (D) અમેરિકા, ભારત, રશિયા **(C)**

4. 'સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા,2021 : વન યર ઓફ COVID-19' રિપોર્ટ કોણે બહાર પાડયો હતો ?

(A) અજીમ પ્રેમજી યુનિવર્સિટી (B) IIT બેંગ્લોર

(C) યુનિવર્સિટી ઓફ મદ્રાસ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

5. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર કોણ 'સામાજિક અને આર્થિક રીતે પછાત સમુદાયો'ની ઓળખ કરી શકે છે ?

(A) રાજ્ય સરકાર (B) તાબાની અદાલતો (C) કલેક્ટર (D) કેન્દ્ર સરકાર **(D)**

6. ફક્ત કેન્દ્ર સરકાર જ 'સામાજિક અને આર્થિક રીતે પછાત સમુદાયો'ની ઓળખ કરી શકે છે. આ ચૂકાદો સુપ્રીમ કોર્ટ કયા બંધારણીય સુધારા મુજબ આપ્યો છે ?

(A) 99 મા (B) 100 મા (C) 101 મા (D) 102 મા **(D)**

7. બંધારણમાં અનુચછેદ 338-B અને 342-A કયા બંધારણીય સુધારા દ્વારા ઉમેરવામાં આવ્યા છે ?

(A) 101 મા (B) 102 મા (C) 103 મા (D) 104 મા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 8 મે (1) વિશ્વ રેડક્રોસ દિવસ
# (2) વિશ્વ થેલેસીમિયા દિવસ
# (3) વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ

## વિશ્વ રેડક્રોસ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 મે ના રોજ 'વિશ્વ રેડક્રોસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- એક મહાન પ્રેમી જેમણે કોઈ ભેદભાવ વિના પીડિત માનવીની સેવા કરવાનો વિચાર આપનાર અને રેડક્રોસ અભિયાનની સ્થાપના કરનાર શ્રી જીન હેનરી ડ્યુનેટનો જન્મ 8 મે, 1828ના રોજ થયો હતો.
- તેમનો જન્મદિવસ 8 મે સમગ્ર વિશ્વમાં વર્લ્ડ રેડક્રોસ ડે તરીકે ઉજવવામાં આવે છે.
- વર્તમાનમાં વિશ્વમાં 186 દેશોમાં રેડક્રોસ સોસાયટી કાર્યરત છે.
- તેમનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના જીનિવા ખાતે આવેલું છે.

## વિશ્વ થેલેસીમિયા દિવસ

વિશ્વ થેલેસીમીયા દિવસ (World Thalassemia Day) દર વર્ષે 8 મે ના રોજ ઉજવવામાં આવે છે.

- તેનો મુખ્ય ઉદ્દેશ થેલેસીમિયા વિશે જાગૃતિ લવવા અને રોગને અન્યમાં સંક્રમિત થતો અટકાવવાનો છે.
- સૌપ્રથમ વર્ષ 1994માં વિશ્વ થેલેસીમિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- થેલેસીમિયા એ આનુવંશિક રક્ત વિકાર છે જેમાં હિમોગ્લોબિનનું અસામાન્ય ઉત્પાદન થાય છે.
- થેલેસીમિયાના બે પ્રકાર છે – આલ્ફા થેલેસીમિયા અને બીટા થેલેસીમિયા.

## વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ

દર વર્ષે 'વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ' મે અને ઓક્ટબર મહિનાના બીજા શનીવારે ઉજવવામાં આવે છે.

- આ વર્ષે 8 મે ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સ્થળાંતર કરનારા પક્ષીઓ વિશે જાગૃતિ લાવવાનો છે.
- વિશ્વ પ્રવાસી દિવસ 2021ની થીમ 'Sing, Fly, Soar-Like a Bird' છે.
- સયુંક્ત રાષ્ટ્ર એ વર્ષ 2006માં 'વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ'ની સ્થાપના કરી હતી.

# કોર્ટની કાર્યવાહી પર મિડીયાને જાણ કરવાનો અધિકાર : સુપ્રીમ કોર્ટ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા મીડિયાને ન્યાયિક કાર્યવાહી દરમિયાન ટિપ્પણીઓનો અહેવાલ આપતા અટકાવવા માટે દાખલ કરેલી અરજીને ફગાવી દીધી છે.

- સુપ્રીમ કોર્ટ એ વાત પર ભાર મુકયો હતો કે કોર્ટને સુનાવણી દરમિયાન ન્યાયાધીશો દ્વારા કરવામાં આવેલી ચર્ચાઓ અને મૌખિક ટિપ્પણીઓને રિપોર્ટ કરવા મીડિયાને પ્રતિબંધિત કરી શકાશે નહીં.
- સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર કોર્ટ સુનાવણીનું મીડિયા કવરેજ, પ્રેસની સ્વતંત્રતાનો એક ભાગ છે, તેનાથી નાગરિકોના માહિતીના અધિકાર અને ન્યાયતંત્રની જવાબદારી પર પણ અસર પડે છે.

## વાણીની સ્વતંત્રતા અથવા અભિવ્યક્તિની સ્વતંત્રતા

ન્યાયાધીશો અને વકીલો વચ્ચે મૌખિક આદાન–પ્રદાન સહિત સમયસર કોર્ટ કાર્યવાહીની જાણ કરવી એ વાણીની સ્વતંત્રતા અથવા અભિવ્યક્તિની સ્વતંત્રના અધિકારનો એક ભાગ છે.

- લેખન અને મૌખિક રીતે પોતાના અભિપ્રાય વ્યક્ત કરવા ભારતીય બંધારણના અનુચ્છેદ-19 હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની જોગવાઈ કરવામાં આવી છે.

## અનુચ્છેદ- 19(1) (a)

ભારતીય બંધારણના અનુચ્છેદ- 19 (1) (a)માં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની જોગવાઈ કરવામાં આવી છે.

- લોકતાંત્રિક પ્રણાલીનો સાચો અર્થ ત્યારે જ સિધ્ધ થાય છે જ્યારે દેશના નાગરિકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવામાં આવી હોય.
- વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રમાં બોલવાની, લખવાની તેમજ છાપવાની સ્વતંત્રાનો સમાવેશ થાય છે.

## ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં નવા મુખ્યમંત્રીના શપથ

- ભારતમાં તાજેતરમાં પશ્ચિમ બંગાળ, તમિલનાડ, આસામ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.
- આ ચાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં રચાયેલી સરકાર વિશેની માહિતી નીચે મુજબ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પશ્ચિમ બંગાળ



પશ્ચિમ બંગાળમાં વિધાન સભાની કુલ 292 બેઠકો પર ચુંટણી યોજાય હતી.

- નોંધનીય છે કે સત્તાધારી મુખ્યમંત્રી સુશ્રી મમતા બેનરજીનો ભાજપના શુવેન્દ્ર અધિકારી સામે 1,956 મતોથી પરાજય થયો હતો.
- સુશ્રી મમતા બેનરજી પશ્ચિમ બંગાળના નંદીગ્રામ વિધાનસભાની બેઠક પરથી ચૂંટણી લડયા હતા.
- આ ચૂંટણીમાં તૃમૂલ કોંગ્રેસ-214, ભાજપ-76, કોંગ્રેસ-00, ડાબેરી મોરચો-00, અન્ય-1 અને અપક્ષને 1 બેઠકો પ્રાપ્ત થઈ હતી.
- પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસના ભવ્ય વિજય બાદ સુશ્રી મમતા બેનરજીએ ત્રીજીવાર

બંગાળના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કર્યા છે.

- સુશ્રી મમતા બેનરજીને પ.બંગાળના રાજ્યપાલ શ્રી જગદીપ ધનખરએ મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે.

નોંધ : નંદીગ્રામમાં પરાજય બાદ સુશ્રી મમતા બેનરજીને કોઈ એક બેઠક ઉપરથી છ મહિનામાં ચૂંટણી જીતવી પડશે.

## તમિલનાડુ



તમિલનાડુમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં **DMK** (દ્રવિડ મુનેત્ર કઝગમ) નો ભવ્ય વિજય થયો છે.

- **DMK**ના પ્રમુખ શ્રી એમ.કે.સ્ટાલિન તમિલનાડુના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- તમિલનાડુના રાજ્યપાલ શ્રી બનવારીલાલ પુરોહિતે શ્રી એમ.કે.સ્ટાલિનને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.
- તમિલનાડુમાં કુલ **234** બેઠકો પર વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી.
- જેમાં **DMK-134, AIADMK-68**, કોંગ્રેસ**-16**, ભાજપ**-4** અને અન્યને **12** બેઠકો મળી હતી.

## પુડુચેરી



તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પુડુચેરીમાં **AINRC** અને ભાજપે મળીને સરકાર બનાવી છે.

- **AINRC**ના પ્રમુખ શ્રી રંગાસ્વામી પુડુચેરીના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- શ્રી રંગાસ્વામીને મુખ્યમંત્રી તરીકેના શપથ પુડુચેરીના ઉપરાજ્યપાલ શ્રી તમિલિસાઈ સુન્દરરાજને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.
- પુડુચેરીમાં કુલ **30** બેઠકો ઉપર વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી.
- જેમાં **AINRC-20**, ભાજપ**-6, DMK-6** કોંગ્રેસ**-2** અને અપક્ષને **6** બેઠકો મળી હતી.

## આસામ

તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આસામમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો.

- આસામના નવા મુખ્યમંત્રી તરીકે ભાજપના નેતા શ્રી હિમતા બિસ્વા સરમાએ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આસામના રાજ્યપાલ શ્રી જગદીશ મુખીએ તેમને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે.
- આસામમાં કુલ <u>126</u> બેઠકો ઉપર વિધાનસભાની ચૂંટણી યોજાય હતી.
- જેમાં ભાજપ-57, AGP-9 કોંગ્રેસ-31, AIUDF-16, UPPL-6 અને અન્યને 7 બેઠકો મળી હતી.




## કેરળ




તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં <u>લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ</u>એ (ડાબેરી ગઠબંધન) સરકાર બનાવી છે.

- કેરળના નવા મુખ્યમંત્રી તરીકે <u>શ્રી પિનરાઈ વિજયન</u> 20 મે ના રોજ શપથ ગ્રહણ કરશે.
- કેરળમાં કુલ <u>140</u> બેઠકો પર વિધાનસભાની ચૂંટણી યોજાય હતી.
- જેમાં સી.પી.એમ-62, સી.પી.આઈ-17, કોંગ્રેસ-21, IUML-15, ભાજપ-0 અને અન્ય પક્ષને 25 બેઠકો મળી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવા ચૂંટાયેલા મુખ્યમંત્રી

| ક્રમ | રાજ્ય | નવા મુખ્યમંત્રી | રાજ્યની કુલ વિધાનસભાની બેઠકો |
|---|---|---|---|
| 1. | પ.બંગાળ | સુશ્રી મમતા બેનરજી | 292 |
| 2. | આસામ | શ્રી હિમંતા બિસવા સરમા | 126 |
| 4. | તમિલનાડુ | શ્રી એમ.કે સ્ટાલીન | 234 |
| 5. | પુડુચેરી | શ્રી રંગાસ્વામી | 30 |
| 6. | કેરળ | શ્રી પિનરાઈ વિજયન | 140 |

## વિધાનસભા

વિધાનસભાએ રાજ્યનું <u>‘નીચલુ ગૃહ’</u> તરીકે ઓળખાય છે.

- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ-170</u>માં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ-170માં જોગવાઈ કરવામાં આવી છે કે કોઈપણ રાજ્યની વિધાનસભાની સભ્ય સંખ્યા (બેઠકો) <u>મહત્તમ 500 અને ઓછામાં ઓછી 60</u> રહેશે.

- પરંતુ અમુક નાના રાજ્યોને છૂટ આપવામાં આવી છે કે જેમાં વિધાનસભાની સભ્ય સંખ્યા 60 કરતા ઓછી છે. જે રાજ્યો નીચે મુજબ છે.
  (1) સિક્કિમ-32 બેઠકો, (2) મિઝોરમ-40 બેઠકો, (3) ગોવા-30 બેઠકો.
- 28 રાજ્યો ઉપરાંત 3 કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ વિધાનસભાની વ્યવસ્થા છે. જેમાં દિલ્હી, પુડુચેરી અને જમ્મુ–કાશ્મીરનો સમાવેશ થાય છે.

## વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત

બંધારણના અનુચ્છેદ-173 મુજબ વિધાનસભાના સભ્યની લાયકાત નીચે મુજબ છે.

- તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
- તે વ્યક્તિ જે તે રાજ્યના વતની હોવા જોઈએ એટલે કે સંબંધિત રાજ્યના કોઈપણ મતક્ષેત્રની મતદાર યાદીમાં નામ હોવું જોઈએ.
- વ્યક્તિની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અંતર્ગતની કોઈ સેવાઓમાં લાભનું પદ ન ધરાવતા હોવા જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શપથ

વિધાનસભાના પ્રતયેક સભ્યએ રાજ્યપાલ અથવા રાજ્યપાલ દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ બંધારણની અનુસૂચી-3 ના નમુના મુજબ શપથ લેવાના હોય છે.

## કાર્યકાળ

સામાન્ય રીતે વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે. આ પાંચ વર્ષની ગણતરી વિધાનસભાની પ્રથમ બેઠકની તારીખથી ગણવામાં આવે છે.

- જો મંત્રીપદ રાજ્યપાલને સૂચન કરે તો કાર્યકાળ પૂરો થાય તે પહેલા રાજ્યપાલ વિધાનસભાનું વિસર્જન કરી શકે છે.
- આ ઉપરાંત અનુચ્છેદ-356 અંતર્ગત રાજ્યમાં 'રાષ્ટ્રપતિ શાસન' લાગે ત્યારે વિધાનસભાને કાર્યકાળ પહેલા વિસર્જિત કરી શકાય છે.

  નોંધ : (1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ 15 ટકા મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે.

  (2) ભારતીય બંધારણના અનુચ્છેદ-163 અનુસાર રાજ્યોને મદદ કરવા તથા સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ રેડક્રોસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 8 મે (B) 9 મે (C) 10 મે (D) 11 મે (A)

2. 'વિશ્વ થેલેસીમિયા દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 6 મે (B) 7 મે (C) 8 મે (D) 9 મે (D)

3. દર વર્ષે કયા દિવસે 'વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) મે અને ઓક્ટોબર મહિનાના બીજા શનીવારે

(B) મે અને નવેમ્બર મહિનાના બીજા શનીવારે

(C) મે અને ડિસેમ્બર મહિનાના બીજા શનીવારે

(D) મે અને જાન્યુઆરી મહિનાના બીજા શનીવારે (A)

4. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ-16 (B) અનુચ્છેદ-17 (C) અનુચ્છેદ-18 (D) અનુચ્છેદ-19 (D)

5. પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા છે ?

(A) શ્રી શુવેન્દ્ર અધિકારી (B) સુશ્રી મમતા બેનરજી

(C) શ્રી અશોક ગેહલોત (D) શ્રી સર્બાનંદ સોનવાઈલ (B)

6. તમિલનાડુના નવા મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા છે ?

(A) શ્રી પિનરાઈ વિજયન (B) શ્રી એમ.કે. સ્ટાલિન

(C) શ્રી રંગાસ્વામી (D) શ્રી તમિલસાઈ સુન્દરાજન (B)

7. આસામના નવા મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા છે ?

(A) શ્રી હિંમતા બિસ્વા સરમા (B) શ્રી પિનરાઈ વિજયન

(C) શ્રી સર્બનાદ સોનવાલ (D) શ્રી એમ.કે.સ્ટાલીન (A)

8. તાજેતરમા શ્રી રંગાસ્વામીએ મુખ્યમંત્રી તરીકેના શપથ ગ્રહણ કર્યા છે જે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રી છે ?

(A) કેરળ (B) આસામ (C) પુડુચેરી (D) આંધ્રપ્રદેશ (C)

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **ભરૂચમાં પટેલ વેલ્ફેર કોવિડ હોસ્પિટલમાં આગ ફાટી નિકળતા 16 દર્દી અને 2 નર્સના મોત**

ભરૂચમાં આવેલ પટેલ વેલ્ફેર હોસ્પિટલના ડેઝિગ્નેટડ કોવિડ કેરના આઈ.સી.યુ સેન્ટરમાં શોર્ટસર્કિટના કારણે ભયાનક આગ ફાટી નીકળી હતી. જેમાં કોરોના સંક્રમિત 16 દર્દીઓ અને તેમની સારવારમાં તહેનાત 2 નર્સિંગ સ્ટાફ મળી કુલ 18 વ્યક્તિઓના મૃત્યુ થયા હતા. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી એ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાના પરિવારજનોને રૂ 4 લાખની સહાયની જાહેરાત કરી હતી. આ આગની તપાસ માટે ગુજરાત સરકારે જસ્ટિસ ડી.એ. મહેતાની અધ્યક્ષતા હેઠળ તપાસ પંચની રચના કરી છે.

## ભારત

➤ **15 લાખ કરોડ રૂપિયામાં આગામી 2 વર્ષમાં રસ્તાઓ બનાવવામાં આવશે.**

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે ભારત સરકારે આગામી બે વર્ષમાં 15 લાખ કરોડ રૂપિયાના એક માર્ગ નિર્માણ લક્ષ્ય નક્કી કર્યુ છે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ભારત સરકારનું લક્ષ્ય 2021-22માં પ્રતિ દિન 40 કિલોમિટર રસ્તાનું નિર્માણ કરવાનું છે. વર્તમાન સમયે ભારત સરકાર માર્ગ ક્ષેત્રે 100 ટકા FDI ને મંજૂરી આપી રહી છે. નોંધનીય છે કે ભારત સરકાર દ્વારા માર્ગ નેટવર્કને સુધારવા માટે 'ભારતમાલા પરિયોજના' (Bharatmala Pariyojna) શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**➢ SDRF નો પ્રથમ હપ્તો બહાર પાડવામાં આવ્યો**

નાણાં મંત્રાલયે તાજેતરમાં રાજ્ય આપતિ રાહત ભંડોળ (State Disaster Relief Fung)નો પહેલો હપ્તો બહાર પાડ્યો હતો. નાણાં મંત્રાલયના જણાવ્યા અનુસાર આ ભંડોળ વહેલી તકે બહાર પાડવામાં આવ્યું છે. તથા મંત્રાલયે 50% રકમ જાહેર કરી છે. જે રૂ 4,436.8 કરોડ રૂપિયા છે. નાણાં પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણ મુજબ આ ભંડોળ જુન,2021 સુધીમાં બહાર પાડવામાં આવનાર હતું. 2021-22 માટે પ્રકાશિત થનાર SDRFની કુલ રકમ 8,873 કરોડ રૂપિયા છે. SDRFનું ગઠન 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ,2005' અંતર્ગત કરવામાં આવ્યું હતું.

**➢ વ્યક્તિગત ઉપયોગ માટે ઓક્સિજન કન્સ્ટ્રેટરની આયાતની મંજૂરી આપવામાં આવી**

'ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ'એ તાજેતરમાં સુચિત કર્યુ છે કે ઓક્સિજન કન્સ્ટ્રેટરની આયાત વ્યક્તિગત ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવશે. ભારત સરકાર આયાતને મંજૂરી આપવા માટે વિદેશી વેપાર નીતિ, 2015-2020માં સુધારો કર્યો છે. નવા સુધારામાં જણાવ્યું છે કે 'ભેટ' અથવા કુરિયર દ્વારા સામાનની આયાત કરી શકે છે. જેમાં દવાઓ, ઓક્સિજન કન્સ્ટ્રેટર અને અન્ય દવાઓનો સમાવેશ થાય છે.

**➢ અનિશ્ચત સમય સુધી IPL મોકૂફ રાખવામાં આવી**

તાજેતરમાં ઈન્ડિયન પ્રીમિયર લીગની 14મી સિઝન અનિશ્ચિત સમય સુધી સ્થગિત કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઘણી ટીમના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના સભ્યો COVID-19 થી સંક્રમિત થયા હતા. જેના કારણે IPL સ્થગિત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સૌપ્રથમ કોલકતા નાઈટ રાઈડર્સના ખેલાડીઓના રિપોર્ટ પોઝેટિવ આવ્યા હતા. ત્યારબાદ ચેન્નાઈ ટીમના કોચ અને CEO પણ સંક્રમિત થયા હતા. ઈન્ડિયન પ્રિમિયર લીગ વિશ્વની સૌથી લોકપ્રિય રમતગમત માંની એક છે. IPLની પ્રથમ સિઝન વર્ષ 2008માં શરૂ થઈ હતી. જેમા 8 ટીમોએ ભાગ લીધો હતો. વર્તમાન IPLની ટીમોમાં ચેન્નાઈ સુપરકિંગ્સ, દિલ્હી કેપિટલ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ, મુંબઈ ઈન્ડિયન્સ, પંજાબ કિંગ્સ, રાજસ્થાન રોયલ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઈઝર્સ હૈદરાબાદનો સમાવેશ થાય છે.

**➢ SAILનો 100 સૌથી મૂલ્યવાન ભારતીય કંપનીઓની યાદીમાં સમાવેશ થયો.**

BSI પર સેલ (SAIL) રૂ. 135.660ની નવ વર્ષની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે. સેલના શેર છેલ્લા છ અઠવાડિયામાં 85 ટકા વધ્યા છે. સેલ (SAIL)એ 100 સૌથી કિંમતી ભારતીય કંપનીઓની યાદીમાં પ્રવેશ કર્યો છે. SAIL નું પૂરું નામ 'Steel Authority of Indian Limited' છે. SAILનું વાર્ષિક ટન ઓવર લગભગ 10 મિલિયન અમેરિકન ડોલર છે. જેના રાઉર કેલા સ્ટીલ પ્લાન્ટ, ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ, દુર્ગાપુર સ્ટીલ પ્લાન્ટ, યયકહફ અને બોકારો સ્ટીલ પ્લાન્ટ આવેલા છે. આ પ્લાન્ટ ચાર રાજ્યો એટલે કે ઓડિશા, છત્તીસગઢ, પ.બંગાળ અને ઝારખંડ આવેલા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારત સરકારે 'પ્રોડક્શન લિંક્ડ પ્રોત્સાહન યોજના' માટે માર્ગદર્શિકા જારી કરી છે.**

ભારત સરકારે તાજેતરમાં 'પ્રોડક્શન લિંક્ડ પ્રોત્સાહન યોજના' માટે માર્ગદર્શિકા જારી કરી છે. ભારત સરકારે આ અગાઉ આત્મનિર્ભર ભારત યોજના હેઠળ 10,900 કરોડના ખર્ચ સાથે ફૂડ પ્રોસેસિંગ માટેની પી.એલ.આઈ યોજનાને મંજૂરી આપી હતી. આ યોજનાનો અમલ 2021-22 અને 2026-27 વચ્ચે કરવામાં આવશે. પી.એલ.આઈ યોજના હેઠળ 2021-22 અને 2026-27 વચ્ચે છ વર્ષ સુધી વેચાણ આધારિત પ્રોતસાહનો ચુકવવામાં આવશે.

➤ **ભારતીય હોકી પ્લેયર શ્રી રવિન્દર પાલનું નિધન**

ભારતીય હોકી ટીમના ભૂતપૂર્વ ખેલાડી અને 1980ની મોસ્કો ઓલિમ્પિકના ગોલ્ડ મેડલ વિજેતા શ્રી રવિન્દર પાલસિંહનું નિધન થયું છે. તેઓ COVID-19થી સંક્રમિત હતા. હોકીમાંથી નિવૃત થયા બાદ તેઓએ સ્ટેટ બેન્કની નોકરીમાંથી પણ સ્વેચ્છિક રાજીનામું આપ્યું હતું. સીતાપુરમાં જન્મેલા સેન્ટર હાફ હોકી પ્લેયર શ્રી રવિન્દર પાલે વર્ષ 1979થી 1984ની વચ્ચે શાનદાર પ્રદર્શન કર્યુ હતું. બે ઓલિમ્પિક ઉપરાંત 1980 અને 1983ની ચેમ્પિયન ટ્રોફી અને 1982ના વર્લ્ડકપ અને એશિયા કપમાં પણ ભાગ લીધો હતો.

## વિશ્વ

➤ **અમેરિકાએ ભારતને Priority Listમાં રાખ્યું**

'યુનાઈટેડ સ્ટેટ્સના વેપાર પ્રતિનિધિ'એ તાજેતરમાં વિશેષ રિપોર્ટ-301 બહાર પાડયો છે. આ રિપોર્ટમાં ભારતને અન્ય 8 દેશોની સાથે સાથે 'Priority List'માં રાખ્યું છે. આ ઉપરાંત અન્ય 23 દેશોને પણ 'વોચ લિસ્ટ'માં મુકવામાં આવ્યા છે. 301 રિપોર્ટ એ યુનાઈટેડ સ્ટેટ્સના વેપાર પ્રતિનિધિ દ્વારા દર વર્ષે બહાર પાડવામાં આવે છે. જે વેપાર અધિનિયમ, 1974ની કલમ 301 હેઠળ પ્રકાશિત કરવામાં આવે છે. આ અહેવાલમાં મૂળભૂત રીતે એવા દેશોની સૂચિ છે જે અમેરિકન કંપનીઓને બૌધ્ધિક સંપત્તિના પૂરતા હક પૂરા પાડતા નથી.

➤ **ક્રિમસન સોલાર પ્રોજેક્ટ : અમેરિકાએ 550 મિલિયન ડોલરની મંજૂરી આપી છે.**

તાજેતરમાં અમેરિકાએ ક્રિમસન સોલાર પ્રોજેક્ટ માટે 550 મિલિયન ડોલરની મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ 87,500 ઘરોને વીજળી આપશે. આ પ્રોજેક્ટ કેલિફોર્નિયાના રણમાં 2 હજાર એકર જમીન પર સ્થાપિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ સોનોરન વેસ્ટ સોલાર હોલ્ડિંગ્સ એલ.એલ.સીની માલિકીની રહેશે. આ પ્રોજેક્ટ નિમાર્ણ દ્વારા 650 અસ્થાયી રોજગાર ઉત્પન્ન થશે. તથા તેમાં 350 મેગાવોટની સોલાર ફોટોવોલ્ટેઈક સુવિધા અને 350 મેગાવેટની ઉર્જા સ્ટોરેજ સિસ્ટમ છે.

➤ **Spacex એ સફળતાપૂર્વક તેના સ્ટારશિપ રોકેટને લેન્ડ કરાવ્યું છે.**

એલોન મસ્કના Spacex એ તાજેતરમાં SN16 રોકેટ લોન્ચ કર્યુ હતું. છેલ્લા ઘણા દિવસોમાં સ્પેસએક્સ રોકેટ વિસ્ફોટોની ઘણી પરિસ્થિતિઓ નોંધાયેલી છે. જે મુખ્યતવે સ્પેસએક્સ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી મિથેન આધારિત પ્રોપલેન્ટના કારણે છે. સ્ટારશિપ રોકેટના પ્રથમ બે પ્રોટોટાઈપ ડિસેમ્બર, 2020 અને ફેબ્રુઆરી 2021માં લોન્ચ કરવામાં આવ્યા હતા. પરંતુ તે નિષ્ફળ ગયા હતા. આ ઉપરાંત સ્પેસએક્સનું SN8 રોકેટ ડિસેમ્બર 2020માં લોન્ચ કરવામાં આવ્યું હતું.આ એન્જિન રોકેટને ધીમુ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. જ્યારે SN9 ને ફેબ્રુઆરી 2020માં લોન્ચ કરવામાં આવ્યું હતું. જે તેના એંગલ અને ગતિને સુધારવામાં નિષ્ફળ રહ્યું હતું. તેથી લેન્ડ થતા જ બ્લાસ્ટ થયું હતું.

## ICE ? Questions

- કેટલા લાખ કરોડ રૂપિયામાં આગામી 2 વર્ષમાં રસ્તાઓ બનાવવામાં આવશે ? – 15 લાખ કરોડ રૂપિયા
- તાજેતરમાં નાણા મંત્રાલયે શેનો પ્રથમ હપતો બહાર પાડયો હતો ? – SDRF
- તાજેતરમાં કયા દેશે ભારતને 'Priority List'માં રાખ્યું ? – અમેરિકા
- વ્યક્તિગત ઉપયોગ માટે ઓક્સિજન કન્સ્ટ્રેટરની આયાત માટે કોણે મંજૂરી આપી હતી ?
  – ડિરોકટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ
- તાજેતરમાં કઈ કંપનીનો ભારતના સૌથી 100 મૂલ્યવાન કંપનીઓમાં સમાવેશ થયો છે ? – SAIL
- અમેરિકાએ કઈ સોલાર પ્રોજેક્ટ માટે 550 મિલિયન ડોલરની મંજૂરી આપી છે ? – ક્રિમસન સોલાર પ્રોજેક્ટ
- તાજેતરમાં ગુજરાતની કઈ કોવિડ હોસ્પિટલમાં આગ ફાટી નિકળતા 16 દર્દી અને 2 નર્સના મોત થયા હતા ?
  – પટેલ વેલ્ફેર કોવિડ હોસ્પિટલ, ભરૂચ
- તાજેતરમાં કોણે તેના 'સ્ટારશિપ રોકેટ'ને સફળતાપૂર્વક લોન્ચ કર્યુ છે ? – Spacex
- તાજેતરમાં ભારતના શ્રી રવિન્દર પાલનું નિધન થયું છે. તે કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – હોકી

# Question Of this Week

1. કઈ સંસ્થાએ 'Global Forest Goals Report,2021' બહાર પાડયો છે ? – UN-ECOSOC
2. લિતાની નદી અને કારૂન તળાવ તાજેતરમાં સમાચારમાં રહ્યું છે. જે કયા દેશમાં સ્થિત છે ? – લેબનાન
3. વારાસા મમી (મમ્મી) પ્રોજેક્ટમાં પ્રથમ વખત કયા પ્રકારના મમ્મીની શોધ થઈ છે ? – સગર્ભ મમ્મી
(સંશોધનકારોએ વારસા મમી પ્રોજેક્ટમાં વિશ્વની પ્રથમ ગર્ભવતી મમી શોધી કાઢી છે. આ મમી ઈજિપ્તમાં જોવા મળે છે. જે પ્રથમ સદીનું હોવાનું મનાઈ રહ્યું છે.)
4. શ્રી ત્રિપુરારી શરણ કયા રાજ્યના મુખ્ય સચિવ બન્યા ? – બિહાર
(તાજેતરમાં વરિષ્ઠ IAS અધિકારી શ્રી ત્રિપુરારી શરણની બિહારના નવા મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તે બિહાર કેડરના 1985 બેચના IAS અધિકારી છે.)
5. તાજેતરમાં કઈ દેશની સરકારે 'ટાઈગ્રે પીપલ્સ લિબરેશન ફ્રન્ટ' અને OLF-Sheneને તેમની આંતકવાદી સૂચીમાં શામેલ કર્યા છે ? – ઈથોપિયા (ઈથિયોપિયા)
6. તાજેતરમાં કયા દેશે ભારતને P-8I પેટ્રોલ એરક્રાફટના વેચાણને મંજૂરી આપી છે ? – અમેરિકા
(અમેરિકાએ તાજેતરમાં ભારતને P-8I પેટ્રોલ વિમાનના વેચાણને મંજૂરી આપી છે. P-8Iએ લાંબા અંતરનું પેટ્રોલિંગ વિમાન છે. P-8I વિમાન દરિયાઈ પેટ્રોલિંગ, સબમરિન વિરુધ્ધ યુધ્ધ વગેરે સામે સક્ષમ છે.)
7. 'લાગ બી' ઓમર શું છે ? – યહુદી તહેવાર
(લાગ બી ઓમર એ વાર્ષિક યહુદી તહેવાર છે. તે હિબ્રુના ઈયાર મહિનામાં ઉજવવામાં આવે છે. આ તહેવારની ઉજવણી નિમિતે તાજેતરમાં ઈઝરાયલના મેરોનમાં ભાગ દોડને કારણે 40 લોકોના મૃત્યુ થયા હતા.)
8. તાજેતરમાં કઈ તળાવમાં 40 ટન મૃત માછલીઓ મળી આવી હતી ? – લિતાની
(લિતાની નદી લેબનોનની સૌથી લાંબી નદી છે. જ્યાં અતિશય પ્રદુષણના કારણે નદીના કાંઠે આશરે 40 ટન માછલીઓ મૃત હાલતમાં મળી આવી હતી. આ પ્રદુષણ મુખ્યત્વે ગટરના ડમ્પિગના કારણે થયું હતું.)
9. તાજેતરમાં વૈજ્ઞાનિકોએ યૂરેનિયમનું કયું હલકુ સ્વરૂપ બનાવ્યું છે ? – યૂરેનિયમ-214
10. તાજેતરમાં કયા દેશે ઈબોલાના પ્રકોપની સમાપ્તિની જાહેરાત કરી હતી ? – ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો
(તાજેતરમાં ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોએ ઈબોલાના 12માં પ્રકોપના અંતની જાહેરાત કરી હતી. નોંધનીય છે કે ઈબોલા વાયરસ વન્ય પ્રાણીઓથી લોકો સુધી પહોંચયો છે.)
11. તાજેતરમાં ચામરાજનગર જિલ્લાની હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવના કારણે 24 લોકોના મૃત્યુ થયા છે. આ જિલ્લો

કયા રાજ્યમાં સ્થિત છે ? – કર્ણાટક

12. નિવૃત ન્યાયાધીશ શ્રી પ્રફૂલ ચંદ્ર પંતને કઈ સંસ્થાના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ?

– રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ

13. પુટોલા ડાન્સ જે વર્તમામાં ચર્ચામાં રહ્યો હતો જે કયા રાજ્યની પરંપરાગત કઠપૂતળી કળા છે ? – આસામ

(પુટોલો ડાન્સ એક પરંપરાગત કઠપૂતળી કળા છે, જે આસામ રાજ્યમાં પ્રચલિત છે. તાજેતરમાં એક આસામ આધારિત ટ્રસ્ટ AMRT એ COVIDના યોગ્ય વતૃણાક પર વ્યાપક જાગૃતિ લાવવા માટે આ કઠપૂતળી કળાનો ઉપયોગ કરી ત્રણ ટૂંકા વિડિયોઝ બનાવવામાં આવ્યા છે.)

14. ભારતીય સેનાએ કયા રાજ્યમાં પ્રથમ 'ગ્રીન સોલાર એનર્જી હોર્નેસિંગ પ્લાન્ટ'નું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – સિક્કિમ

(ભારતીય સેનાએ 16,000 ફૂટની ઉંચાઈ પર ઉત્તરી સિક્કિમમાં પણ KVAના પ્રથમ 'ગ્રીન સોલાર એનર્જી હોર્નેસિંગ પ્લાન્ટ'નું ઉદ્‌ઘાટન કર્યુ છે)

15. રુશિકુલ્યા નદી તાજેતરમાં સમાચારોમાં રહી હતી. જે કયા રાજ્યમાં સ્થિત છે ? – ઓડિશા

16. તાજેતરમાં ક્રિકેટર થિસારા પેરેરાએ નિવૃતિ જાહેર કરી છે. તે કયા દેશના ક્રિકેટર છે ? – શ્રીલંકા

( શ્રીલંકાના ઓલરાઉન્ડર અને પૂર્વ કેપ્ટન શ્રી થિસારા પેરારાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરમાંથી નિવૃતિની ઘોષણા કરી છે. તેમણે 6 ટેસ્ટ, 84 ટી-20 અને 166 વન ડે મેચ રમી છે)

17. કોવિડ-19 મહામારી સામે લડવા માટે ભારતીય સશસ્ત્ર દળ દ્વારા શરૂ કરવામાં આવેલા ઓપરેશનનું નામ શું છે ?

– ઓપરેશન CO-JEET

18. ભારતે કયા દેશ સાથે 1.4 અબજ ડોલરના ખાનગી ક્ષેત્રના વેપાર અને રોકાણની જાહેરાત કરી છે ? – બ્રિટન

19. COVID-19ને લગતી રાહત સામગ્રીની આયાત પર કયા GSTમાં છૂટ આપવામાં આવી છે ? – IGST

(ભારત સરકાર દ્વારા તાજેતરમાં 30 જૂન 2021 સુધી IGST કરને માફ કરવામાં આવ્યો છે. આ માફ કરેલા કરમાં COVID-19 સંબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે.)

20. દૂરસંચાર વિભાગે તાજેતરમાં કઈ ટેકનોલોજી અને સ્પેક્ટ્રમ પરીક્ષણોને મંજૂરી આપી છે ? – 5 G

(દૂરસંચાર વિભાગે તાજેતરમાં મોબાઈલ ઓપરેટરોને 5G ટેકનોલોજી પરીક્ષણ કરવા માટે મંજૂરી આપી છે. જેમાં રિલાયંસ જિઓ, ભારતી એરટેલ, વોડાફોન આઈડિયા, અને એમ.ટી.એન.એલ ને 5G ટેકનોલોજીનો ઉપયોગ કરવા મંજૂરી આપી છે.)

21. તાજેતરમાં શ્રમ અને રોજગાર મંત્રાલયે 'સામાજિક સુરક્ષા સંહિતા,2020'ની કઈ કલમ અંતર્ગત આધાર વિગતો એકત્રિત કરવાની સૂચના આપી છે ? – કલમ-142

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(શ્રમ અને રોજગાર મંત્રાલયે 'સામાજિક સુરક્ષા સંહિતા, 2020'ની કલમ 142 અંતર્ગત સુચના આપી છે કે તેઓ વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓના લાભાર્થી પાસેથી આધાર વિગતો એકત્રિત કરી શકશે.)

22. વિશ્વની પ્રથમ કુત્રિમ ગુપ્તચર શિપ કઈ છે ? – My Flower-400

(My Flower-400 એ વિશ્વની પ્રથમ ગુપ્તચર શિપ છે. આ જહાજ અથવા શિપ દરિયાઈ પ્રદૂષણનો અભ્યાસ અને પાણીમાં પ્લાસ્ટિકનું વિશ્લેષણ કરશે. આ જહાજની 24 કલાક ઈંગ્લેનડથી નજર રાખવામાં આવશે.)

22. ઓક્ટોબરફેસ્ટ કયા દેશનો વાર્ષિક તહેવાર છે ? – જર્મની

(ઓક્ટોબરફેસ્ટ એ જર્મનીનો વાર્ષિક તહેવાર છે. જે જર્મનીના મ્યૂનિકમાં બે અઠવાડિયા માટે ઉજવવામાં આવે છે. તાજેતરમાં જર્મન સરકારે COVID-19ના કારણે આ તહેવાર રદ કર્યો છે.)

23. કેબિનેટ દ્વારા કઈ બેંકમાં વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ અને મેનેજમેન્ટ કંન્ટ્રોલને મંજૂરી આપવામાં આવી છે ?

– IDBI બેંક લિમિટેડ

24. યુનેસ્કોએ 5 મે ને કઈ દિવસ તરીકે ઉજવયો હતો ? – વિશ્વ પોર્ટુગીઝ ભાષા દિવસ

25. કઈ સંસ્થાના સંશોધનકારોએ 'ઓસ્ટિયોસાઈટ્સ' નું મેપિંગ કર્યુ છે ? – ગારવાન ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ રિસર્ચ

(ઓસ્ટિયોસાઈટ્સ ગોળાકાર હાડકાંના કોષો છે. જે હાડકાંની પેશિઓમાં જોવા મળે છે.)

26. તાજેતરમાં વૈજ્ઞાનિકોએ કયા ગ્રહની આંતરિક સંરચનાનું મોડલ તૈયાર કર્યુ હતું ? – શનિ

27. તાજેતરમાં DDOS સાયબર હુમલાના કારણે કયા દેશની સાઈટ્સ ઓફલાઈન થઈ ગઈ હતી ? – બ્લેજિયમ

(DDOSનું પૂરું નામ 'Distributed Denial of Service' છે. તે સાયબરનો એક ખતરો છે જે લક્ષ્ય સર્વરના સામાન્ય ટ્રાફિકને વિક્ષેપિત કરવનો પ્રયાસ કરે છે.)

28. ભારતમાં હલોક ગિબનની કેટલી પ્રજાતિઓ જોવા મળે છે ? – એક

(હુલોક ગિબન એક વાંદરો છે. જે તાજેતરમાં થયેલા અભ્યાસ મુજબ ભારતમાં તેની એક જ પ્રજાતી જોવા મળે છે.)

29. ડક–બિલ્ડ ડાયનોસોર (બતક–બિલ્ડ)ની એક નવી પ્રજાતિ 'યામતોસોરસ ઈજાનાગી' કયા દેશમાં મળી આવી છે ?

– જાપાન

30. કયા દેશના રાષ્ટ્રીય મહાસાગર અને વાતાવરણીય વહીવટીતંત્રએ 'New Climate Normals' જાહેર કર્યુ છે ?

– અમેરિકા

31. INS કોલકતા, લિકિવડ મેડિકલ ઓક્સિજન અને તબીબી સપ્લાય લેવા માટે કયા દેશમાં પહોંચયું છે ? – કુવૈત

32. ફૂડ કટોકટી અંગે યુનાઈટેડ નેશન્સના વૈશ્વિક રિપોર્ટ અનુસાર કેટલા લોકો ગંભીર ભૂખમરાથી પીડાય છે ?

– 155 મિલિયન લોકો

INSTITUTE FOR COMPETITIVE EXAMS

33. S&P એ નાણાકીય વર્ષ 2022માં ભારતની GDP 11% થી ઘટાડીને કેટલી કરી છે ? – 9.8%

34. સેનટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ હેઠળ બની રહેલુ PM નું નિવાસ્થાન કયા સુધીમાં તૈયાર થઈ જશે ? – ડિસેમ્બર, 2022

35. Climate Action Tracker વિશ્લેષણ મુજબ વર્ષ 2100 સુધીમાં વૈશ્વિક તાપમાનમાં કેટલા ટકાનો વધારો થશે ? – 2.4%

36. ભારતનો વિદેશી મુદ્રા ભંડાર કેટલા મિલિયન ડોલરના વધારા સાથે 588.02 અબજ પર પહોંચયો છે ? – 3.91

37. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે ‘ગ્લાઈટફોસેટટ’ પર પ્રતિબંધ લાગ્યો છે ? – તેલંગાણા

(તેલંગાણા સરકારે તાજેતરમાં ‘ગ્લાઈફોસેટટ’ પર પ્રતિબંધ લગાવ્યો છે. ગ્લાઈફોસ્ટેટ એ કપાસની ખેતી માટે ઉપયોગમાં લેવાતું જંતુનાશક છે.)

38. તાજેતરમાં કોણે 'Global Methane Assessment' શરૂ કર્યુ છે ? – UNEP અને CCAC

39. તાજેતરમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે ક્રિક ફલેમિંગો અભ્યારણને ઈકો સેન્સિટિવ ઝોન (ES2) તરીકે સુચિત કર્યુ છે. આ સ્થળ કયાં આવેલું છે ? – થાણે (મહારાષ્ટ્ર)

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT